RNI No.: GUJGUJ/2014/59295
www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર
NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક
E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 9 * Issue No. 05* Date: 25.10.2022, Tuesday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 351/-

# પ્રધાનમંત્રીએ સેનાના જવાનો સાથે દિવાળીની ઉજવણી કરી



## અમારી આતશબાજી કરતા તમારી આતશબાજી અલગ હોય છે, અને ધડાકા પણ અલગ : વડાપ્રધાન નરેન્દ્ર મોદી

કારગિલ,તા.૨૪

દરેક ધર્મ અને સમુદાયના લાકો દિવાળી પર્વની ધામધૂમથી ઉજવણી કરતા હોય છે. ત્યારે વર્ષોથી ચાલતી આવતી પરંપરા પીએમ મોદીએ આ વખતે પણ જાળવી રાખી છે. પ્રધાનમંત્રી મોદી વર્ષોથી સેનાના જવાનો સાથે દિવાળીની ઉજવણી કરતા હોય છે. ત્યારે આ વખતે પણ તેઓ સેનાના જવાનોનો હોંશલો વધારવા માટે તેમની વચ્ચે પહોંચ્યાં હતાં અને તેમની સાથે દિવાળીની ઉજવણી કરી હતી પીએમ મોદી આ વર્ષે પ્રધાનમંત્રી તરીકે સતત ૯મી વાર સેનાના જવાનો સાથે દિવાળીની ઉજવણી કરી છે.

દિવાળીની ઉજવણી કરવા માટે પ્રધાનમંત્રી મોદી જમ્મુ-કશ્મીરના કારગિલ ખાતે પહોંચ્યાં હતાં. જ્યાં પીએમ મોદીએ સેનાના જવાનોની મુલાકાત લીધી. તેમની સાથે વર્તાલાપ કર્યા. એટલું જ નહીં તેમણે સેનાના જવાનોને હાથ મિલાવીને તેમને દિવાળી અને નવા વર્ષની શુભેચ્છાઓ પાઠવી. એટલું જ નહીં પ્રધાનમંત્રી મોદીએ દર વર્ષની જેમ સેનાના જવાનો સાથે સમય વિતાવીને તેમનો ઉત્સાહ વધારવાનો પ્રયાસ કર્યો.પીએમ મોદીએ જવાનોને કહ્યું કે મારા માટે વર્ષોથી મારો પરિવાર તમે બધા છો. તમારી વચ્ચે આવવાથી મારી દિવાળીની મીઠાશમાં વધારો થાય છે, મારી દિવાળીનો પ્રકાશ તમારી વચ્ચે છે અને આગામી દિવાળી સુધી મારી સ્થિતિને પ્રકાશિત કરે છે. બહાદુરીની અનોખી ગાથાઓ સાથે આપણી પરંપરા, મધુરતા અને મીઠાશ પણ મહત્વની છે. તેથી જ ભારત તેના તહેવારો પ્રેમથી ઉજવે છે. સમગ્ર વિશ્વને તેમાં સામેલ કરીને ઉજવણી કરે છે.

સેનાના જવાનોને દિવાળીનો અર્થ સમજાવતા પીએમએ કહ્યું કે વાસ્તવમાં દિવાળીનો સાર એ છે કે આતંકનો અંત થાય અને પછી તેનો ઉત્સવ મનાવવામાં આવે. કારગિલ યુદ્ધ દરમિયાન પણ સેનાએ આ જ રીતે આતંકને કચડી નાખ્યો હતો. એક દિવ્ય જીત મેળવી હતી દેશમાં તે જીતની એવી દિવાળી મનાવવામાં આવી હતી કે લોકો આજે પણ તેને યાદ કરે છે.

મોદીએ કહ્યું કે મારું સૌભાગ્ય હતું કે હું એ વિજયનો સાક્ષી બન્યો હતો અને મેં એ યુદ્ધને નજીકથી જોયું હતું. હું અહીંના અધિકારીઓનો આભારી છું કે તેઓએ મને ૨૩ વર્ષ જૂની તસવીરો બતાવીને મને તે ક્ષણ યાદ અપાવી. દેશના એક સામાન્ય નાગરિક તરીકેની મારી ફરજ મને યુદ્ધના મેદાન સુધી લઈ આવી હતી. અમે જે પણ મદદ કરી શકતા હતા, તે કરવા માટે અહીં આવ્યા હતા. અમે માત્ર પુણ્ય કમાવવા આવ્યા હતા.

કારગિલમાં સંબોધન કરતા મોદીએ કહ્યું કે સેનાના જવાનો મારો પરિવાર છે, તેમની સાથે દિવાળી મનાવવાનું સારું લાગે છે. મોદીએ કહ્યું કે, સિવિલિયન લોકોની દિવાળી... અમારી આતશબાજી અલગ હોય છે. તમારી આતશબાજી પણ અલગ અને ધડાકા પણ અલગ હોય છે.

પીએમ મોદીએ જવાનોને કહ્યું કે મારા માટે વર્ષોથી મારો પરિવાર તમે બધા છો.

તમારી વચ્ચે આવવાથી મારી દિવાળીની મીઠાશમાં વધારો થાય છે, મારી દિવાળીનો પ્રકાશ તમારી વચ્ચે છે અને આગામી દિવાળી સુધી મારી સ્થિતિને પ્રકાશિત કરે છે. બહાદુરીની અનોખી ગાથાઓ સાથે આપણી પરંપરા, મધુરતા અને મીઠાશ પણ મહત્વની છે. તેથી જ ભારત તેના તહેવારો પ્રેમથી ઉજવે છે. સમગ્ર વિશ્વને તેમાં સામેલ કરીને ઉજવણી કરે છે.

સેનાના જવાનોને દિવાળીનો અર્થ સમજાવતા પીએમએ કહ્યું કે વાસ્તવમાં દિવાળીનો સાર એ છે કે આતંકનો અંત થાય અને પછી તેનો ઉત્સવ મનાવવામાં આવે. કારગિલ યુદ્ધ દરમિયાન પણ સેનાએ આ જ રીતે આતંકને કચડી નાખ્યો હતો. એક દિવ્ય જીત મેળવી હતી. દેશમાં તે જીતની એવી દિવાળી મનાવવામાં આવી હતી કે લોકો આજે પણ તેને યાદ કરે છે.મોદીએ કહ્યું કે મારું સૌભાગ્ય હતું કે હું એ વિજયનો સાક્ષી બન્યો હતો અને મેં એ યુદ્ધને નજીકથી જોયું હતું. હું અહીંના અધિકારીઓનો આભારી છું કે તેઓએ મને ૨૩ વર્ષ જૂની તસવીરો બતાવીને મને તે ક્ષણ યાદ અપાવી. દેશના એક સામાન્ય નાગરિક તરીકેની મારી ફરજ મને યુદ્ધના મેદાન સુધી લઈ આવી હતી. અમે જે પણ મદદ કરી શકતા હતા, તે કરવા માટે અહીં આવ્યા હતા. અમે માત્ર પુણ્ય કમાવવા આવ્યા હતા.

ઉલ્લેખનીય છેકે, નરેન્દ્ર મોદી ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારે પણ તેઓ દર વર્ષે ભારતીય સેનાના જાંબાઝ જવાનો સાથે જ દર વર્ષે દિવાળીની ઉજવણી કરતા હતાં. તેઓએ પ્રધાનમંત્રી બન્યા બાદ પણ આ પરંપરાને જાળવી રાખી છે. અને હવે તેઓ દેશના અગ્રીમ સુકાની તરીકે સુરક્ષા દળોના જવાનોનો આ પ્રકારે સતત હોંશલો વધારતા રહે છે. આ ઉપરાંત પીએમ મોદીએ ટ્વીટ કરીને દેશવાસીઓને પણ દિવાળાની પર્વની શુભેચ્છાઓ પાઠવી છે.

# ગુજરાત સહિત દેશભરમાં પ્રકાશ પર્વ દિવાળીની ધામધૂમથી ઉજવણી કરવામાં આવી,મંદિરોમાં ભારે ભીડ જોવા મળી

## દીવાળીના પર્વમાં ચોપડા સહિત લેપટોપનું પણ કરવામાં પૂજન કરવામાં આવ્યું

અમદાવાદ,તા.૨૪

ગુજરાત સહિત દેશભરમાં દિવાળીની ધામધૂમથી ઉજવણી કરવામાં આવી હતી.મોંઘવારી વચ્ચે દેશવાસીઓએ દિવાળી પર્વ નિમિતે ફટાકડા ફોડયા હતાં અને એક બીજાને દિવાળીની શુભેચ્છા પાઠવી હતી આ ઉપરાંત અમદાવાદ સહિત ગુજરાતભરમાં દિવાળી પર્વ નિમિતે ચોપડા પુજનનું આયોજન કરવામાં આવ્યું હતું આ ઉપરાંત આજ સવાલથી જ મંદિરોમાં ભક્તિની ભારે ભીડ જોવા મળી હતી.

એ યાદ રહે કે દિવાળી પર્વમાં ચોપડા પૂજન કરવામાં આવે છે ત્યારે મણિનગર વિસ્તારમાં આવેલા કુમકુમ સ્વામિનારાયણ મંદિર ખાતે ૬ ટ ૩ ફૂટના વિશાળ ચોપડાનું પૂજન કરવામાં આવ્યું હતું. તો આધુનિક સમયમાં ચોપડાની સાથે સાથે લેપટોપનું પૂજન કરવામાં આવ્યું હતું. ચોપડા પૂજન પ્રસંગે કુમકુમ મંદિરના સાધુ પ્રેમવત્સલદાસજીએ જણાવ્યું હતું કે, આપણા ભારતદેશમાં દિવાળીના દિવસે ચોપડાપૂજન કરાય છે અને સમૃદ્ધિની કામના કરવામાં આવે છે. કુમકુમ મંદિરમાં છેલ્લા ૩૫ વર્ષથી ચોપડા પૂજન કરવામાં આવે છે. તેમણે કહ્યું હતુ કે ચોપડા પૂજન કરીને પ્રાર્થના કરવામાં આવી હતી કે આખા ભારતની પ્રજાની આર્થિક મંદી દૂર થાય. સૌને ભગવાન સુખી કરે. રાજકોટના બીએપીએસ સ્વામિનારાયણ મંદિરમાં વેપારીઓએ સામૂહિક ચોપડાપૂજન કર્યું હતું બીજી તરફ વડોદરામાં વેપારીઓએ પરંપરાગત ચોપડા પૂજન કરી નવા વર્ષના વેપાર ધંધાની શરૂઆત કરી હતી જ્યારે કેટલાક વેપારીઓએ લેપટોપ પૂજન કર્યું હતું. તો ટેકસટાઈલ નગરી સુરતમાં પણ ચોપડા પૂજનની વિધી કરવામાં આવી છે ચોપડાની સાથે સાથે કમ્પ્યૂટર અને આઈપેડની પણ પૂજા કરવામાં આવશે.અમદાવાદમાં પણ વેપારીઓએ ચોપડા પુજન કર્યું હતું



આ ઉપરાંત દિવાળી પર્વ પ્રસંદે પવિત્ર શક્તિપીઠ પાવાગઢ ખાતે માનવમહેરામણ ઉમટ્યો હતો. દિવાળીના પર્વે મહાકાળી માના દર્શન કરવા લાખોની સંખ્યામાં માઈભક્તોએ પાવાગઢ ખાતે ભીડ જમાવી. જ્યાં નજર પડે ત્યાં ભક્તોની ભીડ જોવા મળી હતી દિવાળીના પર્વે મહાકાળી માતાના દર્શનનું અનેરૂ મહત્વ છે, ત્યારે વહેલી સવારથી જ માઈભક્તો મોટી સંખ્યામાં માતાજીના દર્શન કરવા પહોંચ્યા હતાં

મહુડીમાં કાળી ચૌદસના દિવસે મહા યજ્ઞનું આયોજન કરવામાં આવ્યું હતું મહુડી ગુજરાતનું એકમાત્ર એવું મંદિર છે, જે તેજા કાળી ચૌદસના દિવસે જ પૂજા અર્ચના અને હવન કરવામાં આવે છે. ભગવાન ઘંટાકર્ણ મહાવીરની વરખ બદલવાની વિધિ કાળી ચૌદસના દિવસે કરવામાં આવે છે. યજ્ઞ સમયે મહુડીના મંદિરે ૧૦૮ વાર ઘંટ વગાડવામાં આવે છે. દરેક ઘંટના નાદ સાથે હવનમાં આહુતિ આપવામાં આવે છે. આહુતિના સમયે મંદિર પરીસરમાં હાજર ભક્તો દરેક આવતી સમયે દોરી પર એક ગાંઠ બાંધે છે. આ દિવસ શ્રદ્ધાળુઓ માટે ખાસ હોય છે.

દિવાળીના પાવન પર્વ નિમિત્તે આજે સુપ્રસિધ્ધ સાળંગપુર મંદિરે મારુતિ યજ્ઞ સહિતના કાર્યક્રમોનું આયોજન કરાયું છે. કષ્ટભંજનદેવ હનુમાનજી મંદિરે કાળીચૌદશ નિમિત્તે પણ ખાસ પૂજાનું આયોજન કરાયું હતું. હનુમાનજી દાદાને આજે હિરાજડિત ડાયમંડના વાઘાનો શણગાર કરવામાં આવ્યો છે. સાળંગપુર મંદિરે દાદાના દર્શને વહેલી સવારથી મોટી સંખ્યામાં ભક્તો ઉમટી પડયા હતાં.આ સિવાય અમદાવાદના જગન્નાથ મંદિરે પણ ખૂબ મોટી સંખ્યામાં ભક્તો વહેલી સવારથી જ દર્શન કરવા પહોંચ્યા હતા. આજે ભગવાનને વિશેષ શણગાર પણ કરવામાં આવ્યો છે આ સાથે બહેન સુભદ્રા અને ભાઈ બલરામને પણ વિશેષ શણગાર કરવામાં આવ્યો હતો. આજના આ દિવાળીના પાવન પર્વને લઈ અમદાવાદીઓએ ભગવાન જગન્નાથજીના દર્શન કરી ધન્યતા અનુભવી હતી. તદુપરાંત દિવાળી નિમિત્તે મંદિર દ્વારા વિશેષ પૂજાનું પણ આયોજન કરવામાં આવ્યું હતું.

આજે દિવાળી, વિક્રમ સંવત ૨૦૭૮નો આખરી દિવસ છે ત્યારે અમદાવાદીઓમાં દિવાળીની ઉજવણીને લઈ ભારે ઉત્સાહનો માહોલ જોવા મળી રહ્યો છે. કેટલાય લોકો આજનાં દિવસે વહેલી સવારે અમદાવાદની નગર દેવી ગણાતા ભદ્રકાળી માતાના મંદિરે દર્શન માટે ભારે ભીડ ઉમટી પડી હતી. એવું કહેવાય છે કે આજે ભદ્રકાળી માતાજીનો લક્ષ?મીજીનાં સ્વરૂપમાં શૃંગાર કરવામાં આવ્યો હતો. આવનારા નવા વર્ષને વધાવવા માટે લોકોમાં ઉત્સાહ પણ અનેરો વર્તાતો હતો. આગામી વર્ષ સુખદ રીતે પસાર થાય તેની માટે ભાવિકો માતાજીના આશીર્વાદ મેળવવા ભદ્રકાળી મંદિરે દર્શન કરવા પધાર્યા હતા.આ ઉપરાંત ગુજરાતના વિવિધ મંદિરોમાં ભકતોની ભીડ જોવા મળી હતી આવતીકાલે ગ્રહણ હોવાને કારણે મંદિરો બંધ રહેશે

# રાજસ્થાનમાં ટૂંક સમયમાં નવી રાજકીય નિમણૂંકો કરવામાં આવશે

જયપુર,તા..૨૪

રાજસ્થાનમાં ગત મહિને સર્જાયેલા રાજકીય સંકટ બાદ હવે રાહુલ ગાંધીની ભારત જોડો યાત્રાને લઈને કોંગ્રેસ છાવણીમાં ઉત્સાહ જોવા મળી રહ્યો છે. કોંગ્રેસના નેતાઓનું માનવું છે કે રાહુલ ગાંધીની મુલાકાતથી પાર્ટીના નેતાઓમાં એકતા આવશે અને તે વિધાનસભાની ચૂંટણીમાં મજબૂતી સાથે મેદાનમાં ઉતરશે. આ સાથે જ રાહુલની મુલાકાત પહેલા રાજસ્થાન કોંગ્રેસ સંગઠન અને સરકાર બંનેએ સક્રિયતા વધારી દીધી છે.

એક તરફ ગેહલોત સરકાર જનતા માટે સતત મોટી જાહેરાતો અને ભેટ આપી રહી છે, તો બીજી તરફ કોંગ્રેસ સંગઠને પણ રાહુલની પ્રદેશ મુલાકાતની તૈયારીઓ શરૂ કરી દીધી છે. કોંગ્રેસ સંગઠનમાં પડતર નિમણૂકોનો નિકાલ દિવાળી બાદ થઈ જશે તેમ માનવામાં આવે છે. આ સિવાય સરકાર સંગઠનના અનેક કાર્યકરોને રાજકીય નિમણૂકોની ભેટ પણ આપી શકે છે.

માહિતી અનુસાર, રાજ્યમાં ૧ ૪ યુઆઈટી સિવાય જોધપુર, અજમેર ડેવલપમેન્ટ ઓથોરિટીમાં લાંબા સમયથી નિમણૂકોની રાહ જોવાઈ રહી છે. હવે એવું કહેવામાં આવી રહ્યું છે કે યુઆઈટીમાં નિમણૂકોની સૂચિને અંતિમ સ્વરૂપ આપવામાં આવ્યું છે, જેમાં આબુ, અલવર, બાડમેર, ભરતપુર, ભીલવાડા, બિકાનેર, ચિત્તોડગઢ, જેસલમેર, કોટા, પાલી, સીકર, શ્રી ગંગાનગર, સવાઈ માધોપુર, ઉદયપુરના નામનો સમાવેશ કરવામાં આવ્યો છે. સૂત્રોનું કહેવું છે કે અગાઉ માં તમામ નિમણૂકો દિવાળી પહેલા થઈ જવાની ધારણા હતી, પરંતુ હવે એવું માનવામાં આવે છે કે દિવાળી પછી ગમે ત્યારે આ યાદી જાહેર થઈ શકે છે.

તમને જણાવી દઈએ કે ગત મહિને સરકાર પર રાજકીય સંકટ આવ્યા બાદ રાજ્યમાં રાજકીય નિમણૂકોમાં તેજી આવી છે, આ સિવાય ઘણા ધારાસભ્યો પણ તેમની ઈચ્છા પર તેમના વિસ્તારમાં તેમના મનપસંદ અધિકારીઓને લગાવી રહ્યા છે.

આંકડાઓ પર નજર કરીએ તો, છેલ્લા એક મહિનામાં વિવિધ બોર્ડ-નિગમમાં ૧૦૦ થી વધુ નિમણૂંકો કરવામાં આવી છે.

# નોર્થ અને સાઉથ કોરિયાએ એકબીજા પર કર્યો રોકેટમારો, વહેલી સવારે ૧૦ જેટલા રોકેટ છોડ્યા

પ્યોંગયાંગ,તા.૨૪

ઉત્તર કોરિયા અને દક્ષિણ કોરિયા વચ્ચેનો તણાવ સતત વધી રહ્યો છે. સોમવારે ઉત્તર અને દક્ષિણ કોરિયાએ વિવાદિત પશ્ચિમી દરિયાઈ સીમા પાસે એકબીજાને ચેતવણી આપતાં ગોળીબાર કર્યા હતા. ઉત્તર કોરિયાએ સોમવારે વહેલી સવારે તેના પશ્ચિમી તટથી દસ રોકેટ છોડ્યા હતા.

ઉત્તર કોરિયાના અધિકારી કેસીએનએએ જણાવ્યું હતું કે દક્ષિણ કોરિયાની સેનાએ ઉત્તર કોરિયાની એક બોટ ઉપર ચેતાવણી આપતા ગોળીબાર કર્યા હતા. જે લગભગ સવારે ૩.૫૦ વાગ્યે બે કોરિયાની સરહદ પાર કરી ગઈ હતી.

એક અહેવાલ ઉત્તર કોરિયાની પીપલ્સ આર્મીના જનરલ સ્ટાફના એક પ્રવક્તાએ કહ્યું કે જવાબમાં ઉત્તર કોરિયાએ સવારે લગભગ ૫:૧૫ વાગ્યે કેટલાય રોકેટ લોન્ચરથી દસ રોકેટ છોડ્યા. દક્ષિણના જોઈન્ટ ચીફ્સ ઓફ સ્ટાફે જણાવ્યું હતું કે તેણે ઉત્તર કોરિયાના વેપારી જહાજને પરત મોકલી દીધું છે. જે ઉત્તરી બોર્ડર એનએલએલને પાર કરી ગયું. જે બંને કોરિયા વચ્ચેની વાસ્તવિક સમુદ્રરેખા હતી.

# વિદેશની મહિલાઓ બોયફ્રેન્ડ બદલે છે એવી જ બિહારના મુખ્યમંત્રીની સ્થિતિ છે: કૈલાશ વિજયવર્ગીય

પટણા,તા.૨૪

બિહારમાં નવી સરકાર બનતાં કૈલાશ વિજયવર્ગીયએ કમેન્ટ કરી છે. જોકે હવે એના પર સવાલો ઉઠી રહ્યાં છે. ભારતીય જનતા પાર્ટીના મહાસચિવ અને સાંસદ કૈલાશ વિજયવર્ગીય એ ચીફ મિનિસ્ટર નીતીશ કુમાર વિશે વાત કરતાં કહ્યુ કે બિહારની સરાકર એવી રીતે બદલાઈ ગઈ છે જાણ કે વિદેશમાં છોકરીઓ બોયફ્રેન્ડ બદલી કાઢે છે. વિજયવર્ગીયના આ સ્ટેટમેન્ટ પર કોંગ્રેસ અને સપાના પ્રમુખ અખિલેશ યાદવે એનો વિરોધ કર્યો છે.

કૈલાશ વિજયવર્ગીય બિહારમાં પત્રકારો સાથે વાત કરી રહ્યા હતા. આ દરમ્યાન પત્રકારે કહ્યુ કે બિહારમાં લાલુ પ્રસાદ યાદવ ફરી બડે ભૈયા બની ગયા છે. આ વિશે કૈલાશ વિજયવર્ગીયએ કહ્યુ કે ‘હું વિદેશમાં હતો. જે દિવસે બિહારની સરકાર બદલી એ દિવસે એક વ્યક્તિએ મને કહ્યુ કે આ તો અમારા અહીંયા થાય છે એમ કે છોકરીઓ બોયફ્રેન્ડ ગમે ત્યારે બદલી કાઢે છે એવું ત્યાં થયું. બિહારના મુખ્યમંત્રીની પણ આ જ સ્થિતિ છે. કોણ ક્યારે કોનો હાથ પકડી લે અને કોણ કોનો હાથ છોડી દે એ ખબર નથી પડતું.’

કોંગ્રેસ આ વિશે કૈલાશ વિજયવર્ગીયને આંટીમાં લીધો છે. કોંગ્રેસે તેમના ટ્વિટર દ્વારા કહ્યુ હતુ કે મહિલાઓનું અપમાન કરવું ભાજપના ડીએનએમાં છે. અભદ્ર ટીપ્પણી કરવી અને અપરાધીઓને રંક્ષણ આપવું એ જ તેમની રીત છે. પ્રધાન મંત્રી નરેન્દ્ર મોદી દેશની મહિલાઓની ક્યારે માફી માગશે? આ વિશે ચુપકી રાખવામાં આવી છે એને સહન કરવામાં નહીં આવે.

વિજયવર્ગીયના આ સ્ટેટમેન્ટ વિશે યૂકીના ભૂતપૂર્વ સીએમ અખિલેશ યાદવની પ્રતિક્રિયા પણ આવી હતી. તેમણે લખ્યુ કે ‘મહિલાઓ માટે આવા નકારાત્મક વિચાર રાખનારા ભાજપના નેતાઓ જ્યાં સુધી છે ત્યાં સુધી ભાજપના રાજમાં દેશમાં મહિલાઓની સ્થિતિ કેવી રીતે સુધરશે.’

બિહારમાં નીતીશ કુમારે ભારતીય જનતા પાર્ટી છોડીને હવે લાલૂ પ્રસાદ યાદવની પાર્ટી ઈત્નદ્ઘ સાથે મળીને સરકાર બનાવી છે. આ મહાગઢબંધન સરકારમાં ટોટલ સાત નાની-મોટી પાર્ટીઓ છે. નીતીશ આ સરકારમાં પણ સીએમ બન્યા છે.

## તંત્રી સ્થાનેથી...

### નવા વર્ષની જિંદગીને જિંદાદિલીથી જીવવા જીવનને કોઈ શરત વિના ગળે લગાડો



*એક દિવસના પંચાગ પ્રમાણેના વિરામ બાદ બુધવારે નૂતનવર્ષનો પ્રારંભ થશે. 'જૂનું' ભૂલી જઈ 'નવું' સ્વીકારો અને અપનાવો, તેવો મેસેજ આ પર્વ આપી જાય છે. લોકોના મનમાં, ચહેરા પર અનોખા પ્રકારનો આનંદ અને તેજ જોવા મળતું હોય છે. જો તમે નિરિક્ષણ કર્યું હોય તો આ દિવસોમાં સંઘર્ષ-ઝઘડાઓ થતા નથી, અથવા પ્રમાણ ઓછું હોય છે. શું કામ? એક તો આ તહેવારમાં હકારાત્મક ઉર્જાનો જે પ્રવાહ હોય છે તે અનોખો હોય છે. તમામ લોકો એ ઊર્જાના પ્રભાવમાં હોય છે અને તહેવારમાં સંઘર્ષ કે કલેશ ટાળે છે. નવા વર્ષમાં સંકલ્પ લેવાનો ચવાઈ ગયેલો રિવાજ ચાલ્યા કરે છે. ગત વર્ષના મારા લેખમાં મેં જણાવ્યું હતું કે, 'આ વર્ષે એવો સંકલ્પ લો કે કોઈ સંકલ્પ જ નથી લેવા.' કારણ? સમય જતા રુટીનમાં આવતાં આવતાં સંકલ્પવાળી વાત ભૂલાતી જાય છે. પણ આજના લેખમાં જિંદગીને કેમ જિંદાદિલીથી જીવી શકાય તે વિશે વિચારીએ. આનંદ, સુખચેન અને મોજ મળે તેવું કંઈક કરીએ.*

*વર્તમાન સમય એવો છે કે, મનોરંજન આપનારી ભૌતિક દુન્યવી બાબતો અઢળક છે પણ છતાં માણસ ખુશ નથી. આનંદને બાહ્ય વસ્તુઓમાં શોધવાને બદલે પોતાના લોકોની ખુશીઓ પર ફોકસ કરવાનું, ખુદને ચાહવાનું, 'સંતોષ' નામના ભાવવાચક શબ્દને દરેક સ્થિતિમાં અપનાવતા શીખવું પડશે, કારણ જ્યાં આનંદ છે ત્યાં જ હંસી છે અને સ્વાસ્થ્ય પણ!*

*જિંદગીને જિંદાદિલીથી જીવવા અને ખુશ રહેવાની પ્રથમ ચાવી છે 'કૃતજ્ઞ બનો.' કૃતજ્ઞતાથી વ્યક્તિ ઉત્તમ માણસ તો બને જ છે અને આસપાસના લોકોને પણ સારી અનુભૂતિ કરાવે છે. નવા વર્ષની માત્ર તમારા સગા-સંબંધીઓનો જ નહીં, બલકે મિત્રો, પાડોશીઓ, સહકર્મીઓ, તમારા માટે પ્રત્યક્ષ-અપ્રત્યક્ષ કામ કરનારા ડ્રાઈવર, માળી, ફેરિયા, શાકભાજીવાળા, ચોકિદાર, પોલીસ, ડોક્ટર વગેરેનો પણ આભાર માનવાનું ન ચૂકશો. તેમનું મન ખીલી ઊઠશે, તેમને ખુશી મળશે.*

*જિંદગીને કંઈક વધારે સારી બનાવવાની બીજી ચાવી છે 'સ્વીકાર'. તમારી આજુબાજુના લોકો, સંજોગો, જીવનશૈલીનો સ્વીકાર કરવાથી સ્ટ્રેસ દૂર થાય છે, મન હળવું બને છે. આપણે, જે હોય તેને એવું જ સ્વીકારવા માનસિક તૈયાર રહો. આપણી મરજી મુજબનું બધું હોય, દરેક સ્થિતિ આપણા નિયંત્રણમાં હોય, એવું ન પણ બને. આ બાબતોથી વિચલિત ન થવું અને સાક્ષીભાવ રાખવો.*

*અનેક સમસ્યાઓથી બચવા માટેની ત્રીજી ચાવી છે 'ક્ષમા'. કોઈનું ખરાબ ઈચ્છવું કે કોઈને અન્યાયનો ભોગ બનાવવા, એટલું કષ્ટદાયક નથી હોતું, જેટલું મનમાં ને મનમાં અણગમતી વાતને ઘૂંટ્યા કરવી. આવી નકારાત્મક લાગણીથી બચવાનો એક જ માર્ગ છે ક્ષમા. ક્ષમા આપવાથી આપનાર હળવો થાય છે અને પામનાર કંઈક ખોટું કર્યાના 'ભારથી' મુક્ત થાય છે અને ખુશીને પામે છે.*

*તમે જિંદગી પાસેથી વધારે મેળવવાની આશા રાખતા હો તો તેમાં વધારે રોકાણ કરવું પડે. ચોથી ચાવી છે પોતાના માટે થોડો સમય ફાળવો. આજનું જીવન ભાગદોડવાળું, મર્યાદિત સમયમાં ટારગેટવાળું છે અને પરિણામે વ્યક્તિ સ્ટ્રેસ, ડિપ્રેશનનો શિકાર બને છે. આમાંથી છૂટકારો મેળવવા ચોવીસ કલાકમાંથી થોડો સમય પોતાને આપો. આ સમયમાં તમને ખુશી મળતી હોય તેવી પ્રવૃત્તિ કરો, આકાશ તરફ નજર કરો, ટહેલવા નીકળો, પંખીઓનો કલરવ સાંભળો, નાચો, ગાઓ,... કંઈપણ કરો જેનાથી જીવનનું સંતુલન કામના કૃત્રિમ કલાકોમાં બની રહે. કસરતને દિવસનો ભાગ બનાવો, વર્ષમાં એક બ્રેક અવશ્ય લેવો. જરૂરી છે. તો જ તમે 'જીવંત' રહેશો અન્યથા શ્વાસ તો બધા પ્રાણીઓ લે છે!*

## દેશમાં સૌપ્રથમ ઉજ્જૈનના મહાકાલેશ્વર મંદિરમાં દિવાળીની ઉજવણી કરાઈ

ઉજજૈન,તા.૨૪

ભગવાન શિવના ૧૨ જ્યોતિર્લિંગોમાંના એક ઉજ્જૈનના મહાકાલેશ્વર મંદિરમાં સૌપ્રથમ દિવાળી ઉજવવામાં આવી હતી. સોમવારે સવારે ચાર વાગ્યે સૌપ્રથમ બાબાની ભસ્મ આરતી કરવામાં આવી હતી, ૫૬ ભોગ ધરાવવામાં આવ્યા હતા અને ત્યારબાદ બાબાની મહા આરતી કરી દિવાળીની ઉજવણી કરવામાં આવી હતી.

બાબા મહાકાલે દિવાળી ઉજવીને ઉત્સવની શરૂઆત કરી છે. તમને જણાવી દઈએ કે જૂની માન્યતા અને પરંપરા અનુસાર બધા તહેવારો સૌથી પહેલા મહાકાલના આંગણે ઉજવવામાં આવે છે.

વછૂટે છે?
મારા હાથ પગ તૂટે છે,
ભાઇ કોણ કોને લૂંટે છે.
મજા કર્યા પછી દરેક,
જવાબદારીથી છૂટે છે.
જૂની પદ્ધતિ જ ચાલું છે,
જનેતા છોકરાંને કૂટે છે.
પુષ્પોને બધા જ ચૂંટે છે,
કાંટાને કયાં કોઇ ચૂંટે છે?
જવાબદારને જ મુશ્કેલી છે,
બેજવાબદાર કયાં તૂટે છે?
દર્શન ન આપે તેનો દોષ છે,
ભક્તોથી શું હરિ છૂટે છે?
ભરત વૈષ્ણવ
૨૪.૧૦.૨૦૨૧.# કવિતા

# સંવંત ૨૦૭૯ આપને માટે કેવું રહેશે જાણો

# નૂતન વર્ષનુ એટલે કે સંવત ૨૦૭૯નુ રાશિફળ.

મેષ રાશિફળ સંવત ૨૦૭૯

મેષ રાશિના લોકો માટે આ વર્ષ શુભ અને લાભદાયક રહેશે. નોકરી અને વ્યવસાયમાં તમારી મહેનત અને ક્ષમતાનો પૂરો લાભ મળશે. તમને પરિવારમાં મોટા ભાઈઓ અને પિતાનો સહયોગ મળશે. જે લોકો નોકરીની શોધમાં છે તેમને તેમના પ્રયાસમાં સફળતા મળશે. રોકાણ લાભદાયક રહેશે. વિવાહિત વ્યક્તિઓ નવા સંબંધમાં ગાંઠ બાંધી શકે છે. સ્વાસ્થ્યનું ધ્યાન રાખવાની સલાહ આપવામાં આવે છે. ગરમી અને પિત્ત સંબંધિત રોગો થવાની સંભાવના રહેશે. સંતાન પક્ષને લઈને તમે ચિંતિત રહી શકો છો.

ઉપાયઃ ભગવાન શિવની પૂજા કરો. સફેદ વસ્ત્રોનું દાન કરો. પૂનમના દિવસે ચંદ્રને નારિયેળ જળ અર્પિત કરો.

વૃષભ માટે સંવત ૨૦૭૯

વૃષભ રાશિના લોકો માટે આ સંવત સુખ-સમૃદ્ધિ આપનારું રહેશે. ભૂતકાળમાં કરેલા કાર્યોનો પૂરો લાભ મળશે. નોકરીમાં પ્રમોશન અને ઉન્નતિની તક મળી શકે છે. ઘર, જમીન અને વાહનનું સુખ મેળવી શકશો. વિદ્યાર્થીઓનું પ્રદર્શન શિક્ષણ ક્ષેત્રે સારું રહેશે. વિદેશ જવાનો પ્રયાસ કરી રહેલા લોકોને સફળતા મળશે. જીવનમાં પ્રેમ અને સંવાદિતા વધશે. તમે તીર્થયાત્રા પર જઈ શકો છો. તમારો આહાર મધ્યમ રાખો.

ઉપાયઃ ભગવાન વિષ્ણુની પૂજા કરો. પીળી વસ્તુનું દાન કરો. હળદરના પાણીથી સ્નાન કરો.

મિથુન રાશિ માટે સંવત ૨૦૭૯

મિથુન રાશિના જાતકો માટે સંવત ૨૦૭૯ પાછલા વર્ષ કરતાં વધુ સારું રહેશે. આ વર્ષે તમે ધૈયા અને રાહુની પ્રતિકૂળ અસરોથી રાહત અનુભવશો. મહેનત અને કર્મ પ્રમાણે તમને પ્રગતિ મળશે, પરંતુ ખર્ચની બાબતમાં તમારે ખૂબ જ સાવધાનીથી ચાલવું પડશે. ઘરની બહાર રહેતા લોકોએ પારિવારિક કારણોસર મુસાફરી કરવી પડશે. સંતાનોના શિક્ષણ અને આરોગ્યની ચિંતા રહેશે. નોકરી-ધંધામાં ભૂતકાળમાં કરેલા શ્રમનો લાભ તમને મળી શકે છે. ખર્ચની સાથે આવક પણ વધશે. ધાર્મિક કાર્યોમાં રુચિ રહેશે.

ઉપાયઃ તલના પાણીથી સ્નાન કરો. શનિવારે સરસવના તેલનું દાન કરો. શનિદેવને કાળા વસ્ત્રો અર્પણ કરો.

સંવત ૨૦૭૯ કર્ક રાશિ માટે

સંવત ૨૦૭૯ કર્ક રાશિના લોકો માટે પરેશાનીભર્યું બની શકે છે. આ વર્ષે તમારે તમારા મનને નિયંત્રણમાં રાખવું પડશે. તમારા ગુસ્સા અને વર્તનને કારણે તમારા પ્રિયજનો સાથેનો તમારો સંબંધ બગડી શકે છે. સ્વાસ્થ્યની બાબતમાં પણ કર્ક રાશિના લોકોએ સાવધાન રહેવું પડશે. શરદીની ફરિયાદ થઈ શકે છે. તમારે ઈન્ફેક્શનને લઈને સાવધાન રહેવું પડશે. નાણાકીય બાબતોમાં વર્ષ ખર્ચાળ રહેશે, પરંતુ આવકની સ્થિતિ રહેશે. તમને પરિવારમાં તમારા જીવનસાથીનો સહયોગ મળશે, પરંતુ કોઈ નજીકના સંબંધીને કારણે માનસિક પરેશાની થઈ શકે છે.

ઉપાયઃ શનિદેવના બીજ મંત્રનો જાપ કરો. દરરોજ શનિ ચાલીસાનો પાઠ કરો. ઘોડાની નાળની વીંટી પહેરો

સિંહ રાશિ માટે સંવત ૨૦૭૯

સિંહ રાશિના લોકો માટે આ વર્ષ ઉતાર-ચઢાવથી ભરેલું રહેશે. આ વર્ષે નાણાકીય રોકાણ સાવધાનીપૂર્વક કરવું જોઈએ, નહીં તો નુકસાન થઈ શકે છે. તમારા પૈસા શિક્ષણ, સ્વાસ્થ્ય અને મુસાફરી પર ઘણો ખર્ચ થશે. આ વર્ષે કેટલીક યાત્રાઓ પણ થશે, જેમાં તમે આંશિક સફળતા મેળવી શકશો. તમારે લોન અને દેવાથી બચવું જોઈએ. ગુસ્સાના કારણે તમારું કામ બગડી શકે છે. તેથી, યોગ ધ્યાન કરો અને મનને સંતુલિત રાખો, આ સંવત પર તમારા માટે આ સલાહ છે. માતાના આશીર્વાદ લઈને શુભ કાર્ય કરો, સફળતા મળશે.

ઉપાયઃ ભગવાન વિષ્ણુની પૂજા કરો. ઘરે વિષ્ણુ સહસ્ત્રનામનો પાઠ કરો. પીળી વસ્તુઓનું દાન કરો.

કન્યા રાશિ માટે સંવત ૨૦૭૯

કન્યા રાશિના લોકો માટે આ સંવત સંતુલિત અને સુખદ રહેશે. સંતાન તરફથી તમને સુખ મળશે. નાણાકીય બાબતોમાં કરેલા પ્રયાસો સફળ થશે. વેપારમાં વધારો થશે, વેપારી લોકો વેપારનો વિસ્તાર કરી શકશે. નોકરીમાં તમને અનુભવ અને જ્ઞાનનો લાભ મળશે. જે લોકો નોકરી શોધી રહ્યા છે તેમને સફળતા મળશે. પરિવારમાં કોઈ શુભ પ્રસંગ બની શકે છે. શુભ કાર્યોમાં ધન ખર્ચ થશે. તે એક લાંબી અને સુખદ યાત્રા છે.

ઉપાયઃ હનુમાન ચાલીસાનો પાઠ કરો. મંગળના બીજ મંત્રનો જાપ કરો. વાંદરાઓને ગોળ ચણા ખવડાવો

તુલા રાશિ માટે સંવત ૨૦૭૯

આ સંવત તુલા રાશિ માટે ખૂબ જ શુભ રહેશે. તમને પાછલા વર્ષની પરેશાનીઓમાંથી રાહત મળશે. તમને તમારા જીવનસાથી તરફથી પ્રેમ અને સહયોગ મળશે. નોકરીમાં તમને સફળતા અને પ્રગતિ મળશે. ભૂતકાળમાં કરેલા રોકાણનો લાભ તમને મળશે. શિક્ષણમાં રસ વધશે. જ્ઞાન વિજ્ઞાનનો વિકાસ થશે. જો તમે સ્વાસ્થ્યની બાબતમાં તકેદારી રાખશો તો આ સંવતમાં તમે સામાન્ય રીતે સ્વસ્થ રહેશો.

બહેનો અને મામા સાથે આ રાશિના લોકોના સંબંધો સારા રહેશે, તેમને લાભ પણ મળશે. તમારા જીવનસાથીની સફળતાથી તમને ખુશી મળશે.

ઉપાયઃ શુક્રના બીજ મંત્રનો જાપ કરો. ઈષ્ટ દેવીની પૂજા કરો. સફેદ વસ્ત્રોનું દાન કરો.

## દા'ડો( દહાડો)

નાના બાળકો ભગવાનનું સ્વરૂપ માનવામાં આવે છે. નાજુક અને ઋજુ. રમકડા જેવા. પરાણે વ્હાલા લાગે. જીંદગીભર ન હસવાની શપથ લેનાર દીવેલના બ્રાંડ એમ્બેસેડર મિ. સોગિયા કુમાર નટખટ બાળકોને નિહાળીને રાજીપા સૂચક સ્માઈલ કરવાની ભૂલ કરી બેસે છે.

અમે પણ આવા જ હતા. અલબત, તેના સાંયોગિક પુરાવા પ્રાપ્ય નથી!!

એ વખતે આ દેહને ભાગ્યે જ પાંચેક વરસ વીત્યા હશે. અમે દુનિયાદારીથી અનભિજ્ઞ.!!અમારી આગવી દુનિયામાં રમમાણ. કોઇ રમખાણ કે કમઠાણ નહીં.

બાળા રાજા ભોળા રાજાને મરણ વિશે કોઇ જ્ઞાન ન હોય. મરણ એ સંકુલ સંકલ્પના છે. વિચિત્ર વિભાવના છે. મરણની ગહનતા કે હંગામી કે કાયમી કે દૂરોગામી અસર વિશે શું જ્ઞાન કે સંજ્ઞાન હોય!!

અમરેલીમાં બટારવાડીમાં અમારો વસવાટ. આજુબાજુના વિસ્તારમાં મરણ થાય એટલે બટુક ભોજન માટે દા'ડા ( મરણના બારમા દિવસે મૃતક પશુના આત્માના કલ્યાણાર્થે કરવામાં આવતી ઉત્તર ક્રિયા-દહાડાને બોલચાલની ભાષામાં દા'ડો કહેવાય!!

એ દિવસો અભાવના હતા. તંગી, અછત આમ વાત હતી. ઘર ઘર કી કહાની હતી. પછેડી તેટલી સોડ વાળવાની નીતિ મધ્યાહ્ને હતી. ચાર્વાક ઋુષિની ઋુણમ કૃત્યા ધૃત્મ પિબતિ-એટલે દેવું કરીને ઘી પિવાની નીતિનો અભાવ હતો. મીઠાનો ગાંગડો રોટલે દાબીને ખાઇ લેવો પણ કોઈની સામે હાથ લંબાવવો નહી. મદદ માટે હાથ લંબાવવો એ નાનમ કે હિણપત ગણાતી.

એ સમયે ગોળની કાંકરી મિઠાઇ કહેવાય. રોટલી પર ધીનો છાંટો હોય અને એના પર ખાંડ ભભરાવી રોટલીનું પંપુડું ઓરોગો એટલે માલપુડા પ્રાશન કર્યા હોય એવો અપાર્થિવ અને અલૌકિક દિવ્ય સ્વાદાનંદ સંપ્રાપ્ત થતો હતો. કોઇ મહેમાન આવે તો લાડું,શીરો પુરી કે ભજિયા બને .એને લાભ અમારા સુધી આવતા કાં તો જથ્થો ખૂટી જતો કાં તો એક આઇટમ દિવ્યધામે સિધાવી હોય!!

એ સમયે કોઇ મહેમાન આવે, સિનેમા જોવાના શોખીન હોય તો બહારપરામાં આવેલી જયહિન્દ ટોકિઝમાં લાકડાના પાટિયાંની લોઅર સ્ટોલની ટિકિટ લઈને અમને પણ સિનેમા જોવા લઇ જાય. બીડી સિગારેટના ધૂમ્રવલયોના કારણે પડદો ધુમ્મસમઢયો બની જતો હતો. લોકોને પિકચર ગમે તો પડદા પર એક ,બે ,પાંચ દસ, વીસ પૈસા,આઠઆની,રૂપિયાના સિક્કાનો વરસાદ વરસાવે. મનોરંજનની દુનિયાની રીત ન્યારી છે. સરકસ કે જાદુના શોમાં જે બાલ્કની છે તે પાટલી સિનેમા માટે લોઅર છે. જયારે સરકસ કે જાદુના શોમાં જે લોઅર છે તે સિનેમાની બાલ્કની છે! ટુંકમાં મહેમાન કલ્પવૃક્ષ કે કામધેનુ સમાન હતા!!એટલે મહેમાન આવે તેનો કાગડોળે ઇંતેઝાર રહેતો. મહેમાન પરત જાય ત્યારે રૂપિયો રોકડો હાથમાં થમાવે એટલે હથેળી પણ ગરમ રહેતી!!

દૂધીમાં અવસાન પામ્યા. મરણના ગંભીરતા કે મરણની અસરો બાળકના પલ્લે થોડી પડે?દૂધીમાંની ઉંમર, નાતજાત, ક્યારે અવસાન પામ્યા ,અવસાનનું કારણ કંઇ કરતા કંઇ જ ખબર નથી. અમારે જાણીને પણ શું કરવાનું? જાણકારીનુ ગળ્યું કે ખાટું અથાણું થોડું થાય છે? એ બધું અમારા માટે નગણ્ય. અમને બાળક તરીકે એમના દાડામાં બટુક ભોજન માટે બોલાવેલ. દાડામા ભોજનનું મેનું શું હતું ??અમે શું આરોગેલું કશું જ યાદ નથી. બટુકભોજન પછી બધા છોકરાને લગભગ બે રૂપિયાનો સિક્કો આપેલ હતો. એ રૂપિયો કયાં ખર્ચાઇ ગયો એ પણ ખબર નથી. અપિતું, મરણ નિમિત્તે બટુક ભોજનમાં જમણ પછી બટુકોને આપવામાં આવતી રકમ સ્મરણ મંજૂષામાં રણકતી રહે છે.બાકીની સ્મૃતિઓનો લોપ થયો છે, અપિતું, પ્રસ્તુત સ્મૃતિ ધ્રુવતારાની જેમ સ્મૃતિ આકાશમાં ચમકી રહી છે!!!એ સમયે મરણ નિમિત્તે બટુક ભોજનમાં અમને આમંત્રણ મળે અને જમણ બાદ દક્ષિણા મળે તેનો સદૈવ ઈન્તેઝાર રહેતો!!!

ભરત વૈષ્ણવ
૨૪.૧૦.૨૦૨૧.#
( સત્ય ધટના પર આધારિત)# વાર્તા

## ઋષિ સુનક માટે રસ્તો સાફ, બોરિસ જોનસન પોતે પીએમ પદની રેસમાંથી બહાર કર્યા

લંડન,તા.૨૪

યુનાઈટેડ કિંગડમ (યુકે) ના આગામી વડા પ્રધાન કોણ બનશે, તે એકદમ સ્પષ્ટ થઈ ગયું છે. પૂર્વ વડાપ્રધાન બોરિસ જોનસન ખુદ પીએમ પદની રેસમાંથી બહાર થઈ ગયા છે. બોરિસ જોન્સને કહ્યું કે આ યોગ્ય સમય નથી. આ સાથે ઋષિ સુનક યુનાઈટેડ કિંગડમના આગામી વડાપ્રધાન બનશે તે લગભગ નિશ્ચિત છે. હવે તેની સામે માત્ર મોર્ડેન્ટનો પડકાર છે. જો કે, ભૂતપૂર્વ વડા પ્રધાન બોરિસ જહોન્સને પણ કહ્યું કે તેમની પાસે સભ્યપદના મત માટે સંખ્યા છે. ધ્યાન રાખો કે હરીફ શિબિરો વચ્ચેની શાંતિ વાટાઘાટો નિષ્ફળ ગયા પછી, ઋષિ સુનક ૧૫૦ થી વધુ ટોરી ધારાસભ્યોના સમર્થન સાથે આગળ વધી રહ્યા છે. અત્યાર સુધી માત્ર ૬૦ ધારાસભ્યોએ જ બોરિસ જહોન્સનને સમર્થન જાહેર કર્યું હતું.ધ સનમાં છપાયેલા અહેવાલ મુજબ, પીએમ પદ માટે પહેલા નોમિનેશન અને હવે પોતાનું નામ પાછું ખેંચી લેવું એ બોરિસ જોન્સન દ્વારા ચોંકાવનારી જાહેરાત છે. જો કે, તેમના નજીકના મિત્રો પહેલેથી જ તેમને પીએમ પદની રેસમાં ભાગ ન લેવા વિનંતી કરી રહ્યા હતા. બોરિસ જોન્સને જાહેર કર્યું, 'હું માનું છું કે હું ૨૦૨૪માં કન્ઝર્વેટિવ પાર્ટીની જીત માટે સારી રીતે તૈયાર છું.'બોરિસ જહોન્સને એક નિવેદનમાં કહ્યું કે તેઓ પીએમ પદની રેસમાં એટલા માટે આકર્ષાયા હતા કારણ કે તેમણે સામાન્ય ચૂંટણીમાં તેમની પાર્ટીને મોટી જીત અપાવી હતી. તેમણે વધુમાં કહ્યું કે જ્યાં સુધી તમારી પાસે સંસદમાં એકજૂટ મન ન હોય ત્યાં સુધી તમે અસરકારક રીતે શાસન કરી શકતા નથી.યુનાઈટેડ કિંગડમના ભૂતપૂર્વ વડા પ્રધાન બોરિસ જોન્સને જણાવ્યું હતું કે તેઓ રાષ્ટ્રના હિતમાં એકસાથે આવવાની આશામાં ઋષિ સુનક અને પેની મોર્ડેન્ટનો સંપર્ક કર્યો હતો, પરંતુ દુ:ખની વાત છે કે આમ કરવા માટે કોઈ રસ્તો મળી શક્યો નથી. હું માનું છું કે મારી પાસે આપવા માટે ઘણું છે પરંતુ મને ડર છે કે આ યોગ્ય સમય નથી.નોંધપાત્ર વાત એ છે કે બોરિસ જોન્સન પીએમ પદની રેસમાંથી બહાર થયા બાદ ઋષિ સુનકે તેમની પ્રશંસા કરી હતી. ઋષિ સુનકે કહ્યું કે બ્રેક્ઝિટ, કોરોના યુગ દરમિયાન કરવામાં આવેલા કામ અને પુતિન વિરુદ્ધ યુક્રેનને સમર્થન આપવાનો શ્રેય બોરિસ જોન્સનને જાય છે.

## છઠ પૂજા દરમિયાન યમુના પ્રદૂષણ ન થાય તે માટે અધિકારીઓને કેજરીવાલના કડક નિર્દેશ

નવીદિલ્હી,તા.૨૪

દિવાળીના તહેવાર પછી આવતી છઠ પૂજાનો તહેવાર આસ્થા અને પવિત્રતાની પરાકાષ્ઠા તરીકે પ્રસિદ્ધ છે. આ તહેવાર બિહાર ઉપરાંત દિલ્લી બાદ હવે દેશમાં ઘણા રાજયોમાં મનાવવામાં આવે છે. દિલ્લીમાં મુખ્યમંત્રી કેજરીવાલે કહ્યુ કે યમુના ઘાટો પર પહેલાની જેમ છઠ પૂજા મનાવવામાં આવશે. છઠ પૂજા માટે તૈયારીઓને આખરી ઓપ આપવામાં આવી ચૂક્યા છે.

આ દરમિયાન સીએમ અરવિંદ કેજરીવાલે ટ્વિટ કરીને નિર્દેશ આપ્યા છે. દિલ્લીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ દ્વારા ટ્વિટ કરીને તમામ અધિકારીઓને નદી પ્રદૂષિત ન થાય તે સુનિશ્ચિત કરવા નિર્દેશ આપવામાં આવ્યો છે.

આ દરમિયાન દિલ્લી ભાજપે મુખ્યમંત્રી પર કટાક્ષ કરતા કહ્યુ કે કેજરીવાલને સ્વચ્છ યમુના ત્યારે જ યાદ આવે છે જ્યારે ચૂંટણી અથવા છઠ પૂજાનો સમય નજીક હોય. સીએમ અરવિંદ કેજરીવાલ છઠ પૂજા પહેલા યમુનાની સફાઈને



લઈને ગંભીરતા દાખવી રહ્યા છે. આ પછી દિલ્લી ભાજપના વડા આદેશ ગુપ્તાએ કહ્યુ કે, 'તે (કેજરીવાલે) ૨૦૧૪થી અત્યાર સુધી અસંખ્ય વખત યમુનાની સફાઈની વાત કરી છે પરંતુ યમુના નદીની હાલત વધુ ખરાબ થઈ રહી છે.' ભાજપનો દાવો છે કે કેન્દ્ર સરકારે સીવેજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ સ્થાપવા માટે દિલ્લી સરકારને ૨,૪૦૯ કરોડ રૂપિયા આપ્યા છે પરંતુ તેમના રાજકીય પ્રવાસમાં પાણીની જેમ પૈસા વેડફાય છે.

દિલ્લી સરકારે અગાઉ જાહેરાત કરી હતી કે ૩૦ અને ૩૧ ઓક્ટોબરે છઠ પૂજા માટે ૧,૧૦૦ ઘાટ બનાવવામાં આવ્યા છે. સરકારે તહેવાર માટે ૨૫ કરોડ રૂપિયાના ફંડની પણ જાહેરાત કરી હતી. અહેવાલમાં એક અંદાજ મુજબ લોક આસ્થાનો મહાન તહેવાર છઠ દિલ્હીમાં પૂર્વાંચલના ૨૦ લાખથી વધુ લોકોમાં ખૂબ જ લોકપ્રિય છે. નોંધપાત્ર રીતે ચોમાસા દરમિયાન પાણીનો સારો પ્રવાહ હોવા છતાં યમુનામાં પ્રદૂષણનુ સ્તર ખૂબ વધુ રહ્યુ. સપ્ટેમ્બરના મહિનામાં નદીમાં ફેકલ કોલિફોર્મનુ સ્તર ધોરણ કરતા ૨૦૦ ગણુ વધારે જોવા મળ્યુ હતુ. ફેકલ કોલિફોર્મ સારવાર ન કરાયેલ ગટરનો સંદર્ભ આપે છે. તેનું સ્તર ઈચ્છિત મર્યાદા કરતાં ૧,૭૦૦ ગણુ વધારે હતુ.

કેન્દ્રીય જલ શક્તિ મંત્રાલય અને દિલ્લી પ્રદૂષણ નિયંત્રણ સમિતિ અને અન્ય હિતધારકોએ છઠ પૂજા દરમિયાન ઓખલા બેરેજના તળિયે ફીણની રચનાની તપાસ કરવા માટે એક સંયુક્ત સમિતિની રચના કરી હતી. નદીમાં પ્રદૂષણનુ કારણ સ્થાનિક અથવા ઔદ્યોગિક રીતે ઉપયોગમાં લેવાતા બિન-પ્રક્રિયા કરાયેલા ગંદા પાણી અને ડિટર્જન્ટમાં રહેલા સર્ફેક્ટન્ટ્સ અને ફોસ્ફેટ્સ છે. આને કારણે, મોટા પ્રમાણમાં ફીણ રચાય છે.

## ૫ વર્ષમાં જે રોજગાર અપાયો તેમાં ૮૦ ટકા રોજગાર કોન્ટ્રાક્ટ પર અપાયોઃ ભાજપ સાંસદ

પીલીભીત,તા.૨૪

ભારતીય જનતા પાર્ટીના પીલીભીતના સાંસદ વરુણ ગાંધી મોટા ભાગે પોતાની જ સરકાર પર પ્રહાર કરતા રહે છે. ફરી એક વખત તેમણે ઉત્તર પ્રદેશ ઁ ઈ્ની પરીક્ષાને લઈને ભાજપ સરકાર પર પ્રહાર કર્યો છે. વરુણ ગાંધીએ પીલીભીતના બરખેડા બ્લોકમાં એક જનસભાને સંબોધિત કરી હતી. પોતાના સંબોધન દરમિયાન ભાજપ સાંસદે ઉત્તર પ્રદેશ અધીનસ્થ સેવા સિલેક્શન આયોગ તરફથી પ્રારંભિક પાત્રતા પરીક્ષાનું આયોજનને લઈને કહ્યું કે, વિદ્યાર્થી આખું વર્ષ મન લગાવીને અભ્યાસ કરે છે, તૈયારી કરે છે કે આ વખત પરીક્ષામાં સારું કરીને આવીશું, પરંતુ પૂરના કારણે દેશમાં ૩૫ લાખમાંથી ૧૬ લાખ વિદ્યાર્થી પરીક્ષા આપતા વંચિત રહી ગયા.ભાજપ સાંસદ વરુણ ગાંધીએ તેના માટે સરકારને જવાબદાર ઠેરવી છે. તેમણે સરકાર પર પ્રહાર કરતા આગળ કહ્યું કે, શું તમને ખબર છે કે છેલ્લા ૫ વર્ષોમાં જે રોજગાર આપવામાં આવ્યો તેમાં ૮૦ ટકા રોજગાર કોન્ટ્રાક્ટ પર આપવામાં આવ્યો. આ દેશમાં કોઈ પણ વ્યક્તિ કોન્ટ્રાક્ટ પર કામ કરવા માગતુ નથી. ઉલ્લેખનીય છે કે આ



કોઈ પહેલી વખત નથી, જ્યારે વરુણ ગાંધી પોતાની જ સરકાર પર પ્રહાર કર્યો હોય. વરુણ ગાંધી બેરોજગારીઓના મુદ્દા પર યુવાનોનો અવાજ બનીને પોતાની સરકારને સવાલ કરતા રહે છે.

૧૫ ઓક્ટોબરના રોજ ઉત્તર પ્રદેશમાં પરીક્ષા કેન્દ્ર પર પહોંચવા માટે મુશ્કેલીનો સામનો કરતા વિદ્યાર્થીઓની તસવીરો સોશિયલ મીડિયા પર શેર કરીને ભાજપના સાંસદ વરુણ ગાંધીએ યોગી સરકાર પર પ્રહાર કર્યો હતો. તેમણે આ તસવીરોના કેપ્શનમાં લખ્યું હતું, 'ઉત્તર પ્રદેશ પૂરની ઝપેટમાં છે અને ૩૭ લાખથી વધારે વિદ્યાર્થી ઁ ઈ્ની પરીક્ષા આપવા નીકળ્યા છે. પ્રશ્ન પત્ર સોલ્વ કરવાથી મોટો પડકાર સેન્ટર સુધી પહોંચવાનો છે. વિદ્યાર્થીઓની નિરંતર માગણી બાદ પણ ન પરીક્ષા ટાળવામાં આવી અને ન મુસાફરીની જરૂરી વ્યવસ્થા કરવામાં આવી.

કદાચ હવાઈ નિરીક્ષણથી જમીની મુદ્દા દેખાતા નથી. ઉત્તર પ્રદેશ કોંગ્રેસે પણ વિદ્યાર્થીઓની પરીક્ષાની વ્યવસ્થાને લઈને સરકાર પર નિશાનોન સાધ્યો હતો. ઉત્તર પ્રદેશ કોંગ્રેસની સોશિયલ મીડિયા ટીમે ટ્વીટર હેન્ડલથી એક વીડિયો શેર કર્યો હતો, જેમાં કેપ્શનમાં લખ્યું હતું કે ઁ ઈ્ની પરીક્ષામાં ૩૭ લાખ ફોર્મ ભરવામાં આવે, જેનાથી સરકારે કરોડોની કમાણી કરી, પરંતુ વિદ્યાર્થીઓના આવવા-જવા માટે પરિવહનની કોઈ વ્યવસ્થા ન કરી. વિદ્યાર્થી ૩૦૦-૪૦૦ કિલોમીટર દૂર સેન્ટર સુધી પહોંચવા માટે ધક્કા ખાઈ રહ્યા છે.

ન્યૂઝ ઓફ ગાંધીનગર.

# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક
# સાહિત્ય સરિતા-આયોજક : પ્રદીપ રાવલ



NOG SS N0: 001

પ્રકાર : ગદ્ય

વિષય : બંધ બારણાં ખૂલે તો..

શીર્ષક : અનુભવે પ્રીતિ પ્રાપ્ત થાય

નવું વર્ષ આવી રહ્યું છે.તે પહેલાં દિવાળી રૂપી ઉત્સવ મનાવી રહ્યા છીએ.અંધકાર ને દૂર કરવા મન મંદિર ના દ્વાર જાતે જ ખોલી ઉજાસ તરફ આગળ વધવાનું હોય છે.

અસંખ્ય લોકો સાથે વાતચીત,રૂબરૂ મળવું, વાણી વર્તન નો અભ્યાસ તેમના શબ્દો થકી થાય ત્યારે એમ લાગે કે આપણી જાત ને હવે કોણ ટોકી ને કહે કે તારા અંતર ના દ્વાર ખોલી ને જરા વિચાર કર કે ૨૦૨૧ માં એવો કયો સુધારો ના કર્યો કે જેનાથી નુકશાન થયું તે હવે ૨૦૨૨ અંત માં તો કરી શકીએ કે જેનાથી ફાયદો પણ થાય અને લોકો નું ગણિત તમારા માટે ખોટું પડે અને લોકો જુદી દૃષ્ટિએ તમને જોતા થાય..

આ વિષય માત્ર પોતાની જાત ઉપર લખવા માટેનો છે..જેમકે શ્રીનાથજી,દ્વારકાધીશ, રણછોડરાય જી,ના દ્વાર દર્શન માટે ખૂલે ત્યારે પ્રથમ નજર મિલાવતા એવી કઈક અનુભૂતિ હશે કે લોકો ને આજે પણ ઈંતેજારી હોય અને પુષ્કળ ભીડ જોવા મળે..તો આપણા માહ્યલા ના દ્વાર તો આપણે જાતે જ ખોલવાના હોય છે...અને તે ખૂલે તો શું થાય તેનો અભ્યાસ કરી પ્રત્યેક કલમ જુદું જુદું લખી ને સુંદર રચના બનાવી શકે..

બસ આ રચના આપણાં ગ્રુપ ના સૌ કોઈ સાહિત્યિક ધનાઢ્ય સર્જક માટે છે..આશા છે કે મને આપ સમજી શક્યા હશો..

સંચાલક : પ્રદીપ રાવલ

## 'પિતાએ મારા માટે મોટું કામ કર્યું,' જીત બાદ પોતાના પિતાને યાદ કરી હાર્દિક પંડ્યા રડવા લાગ્યો



મેલબોર્ન,તા.૨૪

ભારતીય ટીમે ધમાકેદાર અંદાજમાં પાકિસ્તાનને ૪ વિકેટે પરાજય આપ્યો છે. આ મેચમાં વિરાટ કોહલીએ દમદાર બેટિંગ કરી હતી. આ સિવાય હાર્દિક પંડ્યાએ બોલિંગ અને બેટિંગથી દરેકનું દિલ જીતી લીધુ. મેચ જીત્યા બાદ સ્ટાર ઓલરાઉન્ડર હાર્દિક પંડ્યા ભાવુક થઈ ગયો અને પિતાને યાદ કરી રડવા લાગ્યો હતો. હવે તેનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે.

હાર્દિક પંડ્યાએ સ્ટાર સ્પોર્ટ્સને કહ્યું, 'હું માત્ર મારા પિતાજી વિશે વિચારી રહ્યો હતો. હું મારા પિતા માટે રડ્યો નહોતો. હું મારા પુત્રને પ્રેમ કરુ છું, પરંતુ હું જાણુ છું કે શું હું તે કરી શકુ છું જે મારા પિતાજીએ મારા માટે કર્યું હતું. તે પોતાના સાડા છ વર્ષના બાળકનું સપનુ પૂરુ કરવા માટે બીજા શહેરમાં આવી ગયા હતા. તેમને ખ્યાલ નહોતો કે આજે હું જ્યાં છું ત્યાં પહોંચી શકીશ. તેથી આ ઈનિંગ તેમના માટે છે.'

હાર્દિક પંડ્યાએ આગળ કહ્યુ- હું હંમેશા તેમનો આભારી રહીશ. જો તેમણે મને તક ન આપી હોત તો હું આજે અહીં ન પહોંચ્યો હોત. તેમણે ખુબ બલિદાન આપ્યું. તે પોતાના બાળકો માટે બીજા શહેરમાં વસી ગયા. હું ત્યારે છ વર્ષનો હતો અને તે બીજા શહેરમાં વસી ગયા અને ત્યાં તેમણે વ્યવસાય કર્યો હતો. આ ખુબ મોટી વાત છે.

ઓલરાઉન્ડર હાર્દિક પંડ્યાએ પાકિસ્તાન વિરુદ્ધ બોલ અને બેટથી કમાલ કર્યો હતો. તે ટીમ ઈન્ડિયા માટે મેચ વિનર બનીને ઉભર્યો હતો. ભારતીય જીતનો નાયક વિરાટ કોહલી રહ્યો જેણે અણનમ ૮૨ રન બનાવ્યા હતા. પરંતુ હાર્દિક પંડ્યાએ કોહલીનો સાથ આપ્યો હતો. પંડ્યાએ ૪૦ રન બનાવવાની સાથે કોહલી સાથે સદીની ભાગીદારી કરી હતી. આ સિવાય હાર્દિકે બોલિંગમાં ત્રણ વિકેટ ઝડપી હતી.

# દિવાળીએ ગુજરાતના ૧૭ આઇપીએસ ઓફિસરોને બદલી-પ્રમોશનના ઓર્ડર છૂટ્યા
## અમદાવાદ શહેરના ૩ અધિકારીઓની બદલી કરાઈ છે. તો રાજકોટના પોલીસ કમિશનરની પણ બદલી થઈ છે.

ગાંધીનગર,તા.૨૪

દિવાળીના પ્રસંગે ગુજરાતમાં પોલીસ બેડામાં ચર્ચા ચર્ચા થઈ ગઈ. આજે દિવાળીએ ગુજરાતના ૧૭ આઈપીએસ ઓફિસરોને બદલી અને પ્રમોશનનો ઓર્ડર આપવામાં આવ્યો છે.

દિવાળીના દિવસે આઈપીએસ અધિકારીઓની બદલી એકસાથે કરાઈ છે. સાથે જ અનેક આઈપીએસ અધિકારીઓને પ્રમોશન મળ્યા છે. કુલ મળીને ૧૭ આઈપીએસ અધિકારીઓની બદલીનો ઓર્ડર છૂટ્યો છે. અમદાવાદ શહેરના ૩ અધિકારીઓની બદલી કરાઈ છે. તો રાજકોટના પોલીસ કમિશનરની પણ બદલી થઈ છે.

જે બદલીઓ કરવામાં આવી છે તેમાં એસ. રાજકુમાર પાંડિયાની બદલી,પાંડિયાની એડીજીપી રેલવેમાં બદલી

ખુરશીદ અહમદની બદલી કરાઈ,ખુરશીદ અહમદની એડીજીપી પ્લાનિંગ અને આધુનિકરણમાં બદલી

પીયૂષ પટેલની બદલી કરાઈ,પીયૂષ પટેલને સુરત રેંજ આઈજી બનાવાયા

અજય ચૌધરીની બદલી કરાઈ,અજય ચૌધરીની જેસીપી સ્પેશિયલ સેલ અમદાવાદમાં બદલી

એમ.એ. ચાવડાની બદલી કરાઈ,એમ.એ. ચાવડાને આઈજીપી જૂનાગઢ રેંજ બનાવાયા

અશોક યાદવની બદલી કરાઈ,અશોક યાદવને આઈપીજી રાજકોટ રેંજ બનાવાયા

સંદીપસિંહની બદલી કરાઈ,સંદીપસિંહને આઈજીપી વડોદરા રેંજ બનાવાયા

ગૌતમ પરમારની બદલી કરાઈ,ગૌતમ પરમારને આઈજીપી ભાવનગર રેંજ બનાવાયા

ડી.એચ. પરમારની બદલી,ડી.એચ. પરમારને રક્ષાશકિત યુનિ.માં ડે.ડાયરેકટર બનાવાયા

એમ.એસ. ભરાડાની બદલી કરાઈએમ.એસ. ભરાડાને એડી.સીપી અમદાવાદ સેકટર ૨ બનાવાયા,

ચિરાગ કોરડિયાની બદલી કરાઈ,ચિરાગ કોરડિયાને ડીઆઈજીપી પંચમહાલ રેંજ બનાવાયા

મનોજ નિનામાની બદલી કરાઈ છે તેમની ટ્રાફિકમાં બદલી થઈ છે

એ.જી. ચૌહાણની બદલી કરાઈ એ.જી. ચૌહાણની એડી.સીપી અમદાવાદ ટ્રાફિકમાં બદલી,

આર.વી. અસારીની બદલી આર.વી. અસારીને ડીઆઈજી ઈન્ટેલિજન્સ બનાવાયા

કે. એન. ડામોરની બદલી કે. એન. ડામોરને એડી.સીપી સુરત સેકટર ૨ બનાવાયા છે.

સૌરભ તોલંબિયાની બદલી કરાઈ સૌરભ તોલંબિયાની બદલી એડી.સીપી રાજકોટ (એડમિન, ટ્રાફિક,ક્રાઈમ)

નીરજ બડગુર્જરની બઢતી સાથે બદલી કરાઈ નીરજ બડગુર્જરને એડી સીપી અમદાવાદ સેકટર ૧ બનાવાયા છે.

ઉલ્લેખનીય છે કે, કેન્દ્રીય ચૂંટણી પંચે રાજ્ય સરકારને આદેશ આપ્યો હતો કે, લાંબા સમયથી એટલે કે ૩ થી વધુ વર્ષોથી જે અધિકારીઓ એક જ જગ્યાએ કાર્યરત હોય તેમની બદલી કરવામાં આવે. પરંતુ રાજ્ય સરકાર આ આદેશના આંખ આડા કાન કરતી હતી. જે આઈપીએસ અધિકારીઓ એક જ જગ્યાએ હોય તેમને બદલવામાં આવે.

ત્યારે આ બાદ ચૂંટણી પંચે સપ્ટેમ્બર મહિનાના અંત સુધી બદલી કરીને તેનો રિપોર્ટ આપવાનો ચૂંટણી પંચે રાજ્ય સરકારને હુકમ કર્યો હતો. પરંતુ રાજ્ય સરકાર કોઈ કારણોસર આ પ્રક્રિયા હાથ ધરતી ન હતી. ચૂંટણી પંચે આ અંગે રિમાઈન્ડર પણ કર્યુ હતું. આખરે બે દિવસ પહેલા ચૂંટણી પંચે રાજયના ડીજીપી અને મુખ્ય સચિવને સમન પાઠવ્યુ હતુ, કે કેમ આદેશનુ પાલન કરાતુ નથી. ત્યારે લપડાક પડ્યા બાદ વિભાગ હરકતમાં આવ્યું છે.

## ઈમરાન ખાનને મોટો ઝટકો : ચૂંટણી પંચના અયોગ્ય ઠેરવતા આદેશને ઈસ્લામાદ કોર્ટે માન્ય રાખ્યો

ઈસ્લામાબાદ,તા.૨૪

ચૂંટણી પંચ દ્વારા ગેરલાયક ઠેરવ્યા બાદ પાકિસ્તાનના પૂર્વ વડાપ્રધાન ઈમરાન ખાનને હવે ઈસ્લામાબાદ હાઈકોર્ટે ઝટકો આપ્યો છે. હાઈકોર્ટે ખાનની અરજી ફગાવી દેતા ચૂંટણી પંચના નિર્ણયને યથાવત રાખ્યો હતો.

ચૂંટણી પંચે તોષાખાના કેસમાં તેમને પાંચ વર્ષ માટે જાહેર પદ સંભાળવા માટે ગેરલાયક ઠેરવ્યા હતા, તેમજ ચૂંટણી લડવા પર પણ પ્રતિબંધ મૂક્યો હતો. વિદેશી રાજકારણીઓ અથવા મહેમાનો પાસેથી મળેલી કિંમતી ભેટોના વેચાણમાંથી મળેલી રકમ છુપાવવા બદલ તેમને દોષી ઠેરવવામાં આવ્યો છે.

ઈમરાન ખાને વકીલ અલી ઝફર દ્વારા ઈસ્લામાબાદ હાઈકોર્ટ માં અપીલ દાખલ કરી હતી. શનિવારે ઝફરે આ મામલે તાત્કાલિક સુનાવણી માટે કોર્ટમાં અપીલ કરી હતી. હાઈકોર્ટે અપીલ સ્વીકારી હતી. જોકે કોર્ટે અવલોકન કર્યું કે અરજી દાખલ કરવામાં આવે તે જ દિવસે મામલાનો નિકાલ કરવાની જરૂર નથી. કોર્ટ આ મામલે સોમવારે સુનાવણી કરી હતી.

ચૂંટણી પંચે શુક્રવારે ઈમરાન ખાનને પાંચ વર્ષ માટે ચૂંટણી લડવા માટે અયોગ્ય ઠેરવ્યા છે. તેઓ વડાપ્રધાન તરીકેના કાર્યકાળ દરમિયાન વિદેશમાંથી મળેલી મોંઘી ભેટ વેચીને મળેલા નાણાંને છુપાવવા બદલ દોષી ઠેરવવામાં આવ્યા હતા. આ સાથે ઈમરાન ખાન પાસેથી પાકિસ્તાન સંસદ (નેશનલ એસેમ્બલી)ની સદસ્યતા પણ છીનવી લેવામાં આવી હતી.

પાકિસ્તાનના વડાપ્રધાન શાહબાઝ શરીફે લાહોરમાં એક પ્રેસ કોન્ફરન્સને સંબોધિત કરતા કહ્યું કે ખાન પ્રમાણિત જૂઠો અને ચોર સાબિત થયો છે. જોકે આ ખુશીની ક્ષણ નથી. તેણે વધુમાં આરોપ લગાવ્યો હતો કે ખાને ભેટોની હરાજી કરીને તેની રકમ રાજ્યની તિજોરીમાં જમા કરાવવી જોઈતી હતી પરંતુ ખાને તોશાખાનામાંથી ભેટ ડિસ્કાઉન્ટ કિંમતે ખરીદી હતી અને તેને મોટા નફામાં વેચી હતી.

## વૃશ્ચિક રાશિ માટે સંવત ૨૦૭૯

આ સંવત વૃશ્ચિક રાશિના લોકોને ભૂતકાળથી થોડી રાહત આપશે. કેતુ તમારી રાશિમાંથી બહાર જવાથી તમે માનસિક શાંતિ અનુભવશો. તમે ભૂતકાળમાં બિનજરૂરી ખર્ચાઓને સંતુલિત કરવાનો પ્રયાસ કરશો, જેમાં તમે અમુક હદ સુધી સફળ થશો. સરકારી ક્ષેત્રને લગતા કામ થશે. પરંતુ તમારે જોખમી કામમાં સાવધાની રાખવાની જરૂર છે. ઉત્સાહમાં, તમે તમારી જાતને નુકસાન પહોંચાડી શકો છો. જીવનસાથી સાથે તાલમેલ અને સહકારમાં થોડો અભાવ રહેશે, જેના કારણે સ્વાસ્થ્ય અને અંતર રહી શકે છે.

ઉપાયઃ ભગવાન સૂર્યને જળ અર્પણ કરો. આદિત્ય હૃદય સ્તોત્રનો પાઠ કરો. ઘઉંનું દાન કરો.

સંવત ૨૦૭૯ ધનુરાશિ માટે

ધનુ રાશિના લોકો માટે આ સંવત આર્થિક રીતે સમૃદ્ધ રહેશે. આ વર્ષે તમે રોકાણ અને શેર દ્વારા લાભ મેળવી શકો છો. અનુભવી અને વરિષ્ઠોની મદદથી તમારું મનોબળ વધશે. કરિયરમાં પ્રગતિ થશે. ધાર્મિક કાર્યોમાં રુચિ રહેશે. તીર્થયાત્રાનો સંયોગ બનશે. તમને માતા-પિતા તરફથી લાભ મળશે. સંતાનની ઈચ્છા ધરાવતા લોકોને સંતાન સુખ મળી શકે છે.

ઉપાયઃ લીલી વસ્તુઓનું દાન કરો. કુંવારી કન્યાઓને લીલી વસ્તુઓ અથવા લીલી બંગડીઓનું દાન કરો. બુધ ગ્રહના બીજ મંત્રનો જાપ કરો.

સંવત ૨૦૭૯ મકર રાશિ માટે

શનિની મકર રાશિના લોકો માટે આ સંવત સુખદ અને સમૃદ્ધ રહેશે. આ સંવતમાં તમને તમારી મહેનત અને દ્રઢતાનો પૂરો લાભ મળશે. તમે વ્યવસાય અને કામના સંબંધમાં લાંબા અંતરની મુસાફરી કરી શકો છો. વિદેશ સાથેનો સંપર્ક લાભદાયી રહેશે. તમારે અધિકૃત વર્ષ સાથે સુમેળમાં રહેવું જોઈએ, આનાથી કાર્યક્ષેત્રમાં સુસંગતતા આવશે, નહીં તો વિખવાદ થઈ શકે છે. કેટલાક લોકોના મનમાં નોકરી બદલવાનો વિચાર પણ આવશે. પારિવારિક જીવનની ખુશી સામાન્ય રહેશે.

ઉપાયઃ હનુમાન ચાલીસાનો પાઠ કરો. મંગળવારે વાંદરાઓને ગોળ ચણા આપો. હનુમાનજીને બુંદીના લાડુ ચઢાવો.

કુંભ રાશિ માટે સંવત ૨૦૭૯

કુંભ રાશિના લોકો માટે આ સંવત અનુકૂળ રહેશે. આ વર્ષે રાશિનો સ્વામી શનિ તમારી રાશિમાં આવી રહ્યો છે. આવી સ્થિતિમાં, તમે તમારી મહેનત અને પ્રયત્નોથી નાણાકીય બાબતોમાં સફળતા મેળવશો. પારિવારિક જીવનમાં તમને વડીલોનો સહયોગ અને આશીર્વાદ મળશે. પૈતૃક સંપત્તિથી તમને સુખ મળી શકે છે. જૂના મિત્ર અને સંબંધી સાથે સંપર્ક થશે જે લાભદાયક રહેશે. આ વર્ષે તમારે લાંબા અંતરની યાત્રા કરવી પડી શકે છે.

જુના રોકાણથી ફાયદો થશે. ધર્મ-કર્મ અને આધ્યાત્મિકતામાં તમારી રૂચિ વધશે. શિક્ષણમાં પ્રગતિ થશે. નોકરીમાં પ્રભાવ વધશે. જૂનથી ઓગસ્ટ સુધીનો સમય ખૂબ જ શુભ છે.

ઉપાયઃ ભગવાન શિવની પૂજા કરો. સફેદ વસ્ત્રોનું દાન કરો. ઘરના મંદિરમાં ઘીનો દીવો પ્રગટાવો.

મીન રાશિ માટે સંવત ૨૦૭૯

મીન રાશિના લોકોને આ સંવતમાં ભાગ્યનો પૂરો લાભ મળશે. તમારી મહેનતથી તમને વધુ ફાયદો થશે. તમે નાના રોકાણમાં પણ મોટી કમાણી કરી શકો છો. સંતાનોની સફળતાથી તમને ખુશી મળશે. નોકરીમાં તમને પ્રતિષ્ઠાનો લાભ મળશે. આ વર્ષે મીન રાશિના લોકોએ જમીન અને મકાન પાછળ પૈસા ખર્ચવા પડશે. જો પૈસા ક્યાંક અટવાયેલા હોય તો તમને મળી શકે છે. પરિવારમાં નવા સંબંધો બનશે. નજીકના સંબંધીઓ સાથે તમારા સંબંધો પણ આ વર્ષે સુધરશે.

ઉપાયઃ ભગવાન ગણેશની પૂજા કરો. લીલા વસ્ત્રોનું દાન કરો. ગણેશજીને દુર્વા અર્પણ કરો.

## સૌરવ ગાંગુલીના ભાઈને ક્રિકેટ એસોસિએશન ઑફ બંગાળના પ્રમુખ તરીકે બિનહરીફ ચુંટાશે

કોલકતા,તા.૨૪

સૌરવ ગાંગુલીએ પોતાના માટે શું વિચાર્યું છે અને શું તેઓ ક્રિકેટ એડમિનિસ્ટ્રેશનમાં જ રહેશે, આ અંગે હજુ સ્થિતિ સ્પષ્ટ થઈ નથી. મ્ઝ્રૈંના અધ્યક્ષ પદની રેસમાંથી હટી ગયા બાદ ગાંગુલીએ હવે તેમના ભાઈ માટે એક ક્રિકેટ સંસ્થાના ચીફની ખુરશી પણ છોડી દીધી છે.

તે નિશ્ચિત હતું કે જો તેઓ આ ચૂંટણીમાં ઉભા રહ્યા હોત તો તેઓ જીતી ગયા હોત. આવી સ્થિતિમાં સૌરવ ગાંગુલીના મોટાભાઈ સ્નેહાશીષ ગાંગુલીનો ૩૧ ઓક્ટોબરે યોજાનારી જનરલ એસેમ્બલી મીટિંગમાં ક્રિકેટ એસોસિએશન ઑફ બંગાળના પ્રમુખ તરીકે બિનહરીફ ચૂંટાવાનો જવાનો રસ્તો સાફ થઈ ગયો છે.

બીસીસીઆઇના પૂર્વ અધ્યક્ષ સૌરવ ગાંગુલી રવિવારે ક્રિકેટ એસોસિએશન ઑફ બંગાળના અધ્યક્ષ પદની રેસમાંથી હટી ગયા, જેના કારણે તેમના મોટાભાઈ સ્નેહાશીષ ગાંગુલીનો ૩૧ ઓક્ટોબરની વાર્ષિક સામાન્ય સભામાં સર્વોચ્ચ પદ પર બિનહરીફ ચૂંટાવા માટેનો રસ્તો સાફ થઈ ગયો છે. સૌરવ ગાંગુલીએ નામાંકનના છેલ્લા દિવસે અધ્યક્ષ પદ માટે ઉમેદવારી પત્ર ભર્યું ન હતું.

૫૦ વર્ષના આ પૂર્વ ભારતીય કેપ્ટને કોલકાતાના ઈડન ગાર્ડન્સ પર પત્રકારોને જણાવ્યું હતુ કે, 'મેં પહેલા જ કહ્યું હતું કે હું ત્યારે જ મારી દાવેદારી રજૂ કરીશ, જયારે ચૂંટણી યોજાશે. ચૂંટણી યોજાઈ રહી નથી અને તેથી બધાને બિનહરીફ ચૂંટવામાં આવશે.'

બીસીસીઆઈના અધ્યક્ષ તરીકે ન ચૂંટાયા બાદ ગાંગુલીએ એક અઠવાડિયા પહેલા જાહેરાત કરી હતી કે તેઓ ઝ્રછમ્ના અધ્યક્ષ તરીકે વાપસી કરવા માટે ચૂંટણી લડશે. ગાંગુલીએ કહ્યું, 'જો હું ચૂંટણી લડેત તો બે કે તેથી વધુ લોકોને કોઈ પદ ન મળેત, તેથી હું હટી ગયો છું. હું બિનહરીફ ચૂંટાઈ આવેત પરંતુ મને લાગ્યું કે આ યોગ્ય નથી. તેઓ (કેબ પદાધિકારી) આગામી ત્રણ વર્ષ સુધી કામ કરશે અને અમે તે પછી જોઈશું.'

# ભારત અને પાકિસ્તાન ફરી ટકરાશે અને પછી પાકિસ્તાન ટીમ ઈન્ડિયાને હરાવી દેશે.: અખ્તર

કરાંચી,તા.૨૪

૯૦ હજાર કરતા વધારે દર્શકોથી ભરચક મેલબોર્ન ક્રિકેટ ગ્રાઉન્ડમાં આજે ભારતીય ક્રિકેટ ટીમે પાકિસ્તાન સામે રોમાંચક જીત મેળવી હતી. ભારતે આ રોમાંચક મેચમાં પાકિસ્તાનને ચાર વિકેટથી હરાવ્યુ હતુ. મેચ એટલી રોમાંચક હતી કે પરિણામ મેચના છેલ્લા બોલ પર આવ્યુ અને તે પહેલા મેચમાં કંઈ પણ થઈ શક્યુ હોત. વિરાટ કોહલી અંત સુધી મેદાન પર રહ્યો અને ટીમને જીત અપાવીને જ પરત ફર્યો. જો કે પાકિસ્તાનની આ હાર તેના દેશના પૂર્વ ફાસ્ટ બોલર શોએબ અખ્તરને પચતી નથી. તેણે ભારતને પડકાર ફેંક્યો છે. અખ્તરે કહ્યું છે કે, ભારત અને પાકિસ્તાન ફરી ટકરાશે અને પછી પાકિસ્તાન ટીમ ઈન્ડિયાને હરાવી દેશે.





પાકિસ્તાને આ મેચમાં જોરદાર લડત આપી હતી પરંતુ તે જીતી શકી નહોતી. પ્રથમ બેટિંગ કરતા બાબર આઝમની આગેવાની હેઠળની ટીમે નિર્ધારિત ૨૦ ઓવરમાં આઠ વિકેટ ગુમાવીને ૧૫૯ રન બનાવ્યા હતા. ભારતે આ લક્ષ્યાંક ૬ વિકેટ ગુમાવીને હાંસલ કરી લીધો હતો. કોહલીએ અણનમ ૮૨ રન બનાવ્યા હતા. દુનિયાભરના કરોડો લોકોએ આ મેચ નીહાળી હતી. જો કે અખ્તરે ટીમ ઈન્ડિયા અને કોહલીની પ્રશંસા પણ કરી હતી, પરંતુ સાથે જ તેને ભવિષ્ય માટે ચેતવણી પણ આપી હતી.

પાકિસ્તાનની હાર બાદ અખ્તરે પોતાની યુટ્યુબ ચેનલ પર એક વીડિયો અપલોડ કર્યો છે અને તેમાં ભારત-પાકિસ્તાનની મેચનું વિશ્લેષણ કર્યું હતુ. અખ્તરે આ વીડિયોમાં ભારતને જીતને બરબાદ ન કરવાની શીખ પણ આપી છે. અખ્તરે કહ્યું, "આજે ભારત અને પાકિસ્તાનથી ઘણા બાળકો આવ્યા હતા. આજે તે સારું ક્રિકેટ જોવા ગયા હતા છે. મારી અપીલ છે કે સારી યાદો છોડી દો કારણ કે બાળકો પણ સોશિયલ મીડિયા જુએ છે. આ જીતને ખરાબ વસ્તુઓથી વેડફશો નહીં, હિન્દુસ્તાનને મારી આ અપીલ છે.

અખ્તરે કહ્યું કે, "પાકિસ્તાને સારું પ્રદર્શન કર્યું. બોલ સમજાતો ન હતો તેવી વિકેટ પર પાકિસ્તાને ૧૬૦ રન કર્યા હતા. જોકે અમારો મિડલ ઓર્ડર મેચ્યોરિટી સાથે રમી શક્યો નહોતો.

# દિવાળીના પ્રસંગે ઘરમાં હિન્દુ વિધિથી પૂજા કરતા દેખાયા શાહરૂખ-આર્યન

મુંબઈ,તા.૨૪

ભારતભરમાં દિવાળીનો માહોલ જામેલો છે, ત્યારે બૉલીવુડ હસ્તીઓ અને સેલેબ્સ પણ આ પ્રસંગને ખાસ બનાવી રહ્યાં છે, આ બધાની વચ્ચે બૉલીવુડ સુપરસ્ટાર શાહરૂખ ખાનનો એક ખાસ થ્રૉબેક વીડિયો વાયરલ થઇ રહ્યો છે, જેમાં તે પોતાની ફેમિલી સાથે એટલે કે દીકરા આર્યન અને દીકરી સુહાના ખાન સાથે દેખાઇ રહ્યો છે. આ વીડિયોમાં એક્ટર ફેમિલી ઘરમાં દિવાળીની પૂજા કરતી દેખાઇ રહી છે, જોકે, આ વીડિયો ખુબ પહેલાનો અને જુનો છે, તેથી સુહાના અર્યન નાના દેખાઇ રહ્યાં છે.

સોશ્યલ મીડિયામાં વાયરલ થયેલા આ વીડિયોમાં શાહરૂખ સાથે તેની પત્ની ગૌરી ખાન, પુત્ર આર્યન



અને પુત્રી સુહાના છે. આર્યન અને સુહાના ખૂબ જ નાનાં દેખાઈ રહ્યાં છે, આ પૂજા દરમિયાનનો વીડિયો છે અને આમાં તે લોકોની સાથે એક પંડિતજી પણ છે, જે તેમના ઘર 'મન્નત'માં દિવાળીની પૂજા કરી રહ્યાં છે. ખાસ વાત છે કે, શાહરુખઆ વીડિયોમાં ગૌરી કહે છે કે, 'મુખ્ય પૂજા તો આર્યન કરશે. તો બીજી તરફ શાહરુખ પંડિતજીને કહે છે, 'આર્યનને ગાયત્રી મંત્ર આવડે છે તેથી મુખ્ય પૂજા આર્યન કરશે.'શાહરુખ ખાને જણાવ્યું હતું કે, 'બાળકોને ભગવાન વિશે ખબર હોવી જોઈએ, પછી ભલે તે હિન્દુ ભગવાન હોય કે મુસ્લિમ. આપણી પાસે ગણેશ અને લક્?મીજીની સાથે-સાથે કુરાન પણ છે. અમે બધાં એકસાથે હાથ જોડીએ છીએ, મારો દીકરો ગાયત્રી મંત્ર કહે છે, અને હું કહું છું બિસ્મિલ્લાહ.'ફેન્સ કરી રહ્યાં છે વખાણશાહરુખ અને એની પત્ની ગૌરી જુદા જુદા ધર્મોના છે એ તો સૌ કોઈ જાણે છે, પરંતુ તેમણે પોતાનાં સંતાનોને ક્યારેય કોઈ એક ધર્મના ઉપદેશોનું પાલન કરવાની ફરજ પાડવામાં આવી નથી.

# અમેરીકા ના કેલિફોર્નિયા માં ' ગુજરાતી સિનીયર ફ્રેન્ડ સર્કલ ' ( GSFC) ઓફ ગ્રેટર લોસ એન્જલસ ના ઉપક્રમે યોજાયો એક હાસ્ય કાર્યક્રમ....

લોસ એન્જલસ

' ગુજરાતી સિનીયર ફ્રેન્ડ સર્કલ ' ( GSFC ) ઓફ ગ્રેટર લોસ એન્જલસ ના સભ્યો માટે શનિવાર,તા ૨૨ ઑક્ટોબરના રોજ દક્ષિણ કેલિફોર્નિયાની ઑરેન્જ કાઉન્ટીના પ્રસિધ્ધ ડીઝની ફેમ એવા એનાહેમ સીટીના ગાયત્રી મંદિર ખાતે એક હાસ્ય કાર્યક્રમ યોજાયો હતો.

પ્રસિધ્ધ હાસ્ય કલાકાર એવા શ્રી દિનકર મહેતા માત્ર ત્રણ દિવસની આયોજીત કેલિફોર્નીયાની ટુર પર આવ્યા હતા, તે પૈકી શનિવારની બપોર ખૂબ જ ટૂંકી તૈયારી સાથે ' ગુજરાતી સિનીયર ફ્રેન્ડ સર્કલ " ( GSFC ) એ કાન્તિભાઈ મિસ્ત્રીના પ્રયત્નોથી તેઓશ્રી ને ઝડપી લીધા હતો.






ટુંક સમયની જાણ તથા દિવાળીના કાર્યક્રમમાં સૌ કોઈ વ્યસ્ત હોવા છતાં સારી એવી સંખ્યામાં વરિષ્ઠ નાગરીકો હાજર રહ્યા હતા. કાર્યક્રમની શરૂઆત માં શ્રી કાંતિભાઈ મિસ્ત્રી એ શ્રી દિનકરભાઈનો પરીચય આપ્યો અને શ્રી ગુણવંતભાઈ એ તેઓશ્રી ને ગૃપ વતી મીઠો આવકાર આપ્યો હતો તેમજ ગૃપના સિનીયર સભ્યશ્રી પ્રવિણભાઈ શાહ ના હસ્તે શ્રી દિનકરભાઈ નું ફૂલ-ગુચ્છ થી હાર્દિક સ્વાગત્ત કરવામાં આવ્યું હતું.

સતત બે કલાક સુધી શ્રી દિનકરભાઈ મહેતાએ સૌ કોઈને હાસ્ય તરબોર કરી દીધા હતા. તેમની આગવી શૈલીમાં સૌને પેટ પકડીને હસાવ્યા હતા. ૭૪ વર્ષની ઢળતી વયે પણ તેમની કલા યથાવત્ જોવા - માણવા મળી.

કાર્યક્રમના અંતે સૌ કોઈ માટે ચા તથા વિવિધ બિસ્કિટના નાસ્તો આપવામાં આવ્યો હતો. અત્રેના ગાયત્રી મંદિરનો ખૂબ જ હકારાત્મક સહયોગ સાંપડયો હતો.

તે માટે ગાયત્રી મંદિરના સ્વયંમસેવકો તથા વહીવટ કર્તા શ્રી ભાનુંભાઈ પડયા અને શ્રીમતિ કુસુમબેન પડયાનો સહયોગ અમૂલ્ય હતો.

ઉપરાંત GSFC ના કન્વિનર શ્રી ગુણવંતભાઈ પટેલ, દુષ્યંતભાઈ પટેલ તથા યુવાન સભ્ય ઉમેશ શાહનો પણ આ કાર્યક્રમ સફળ બનાવવામાં ખૂબજ સુંદર ફાળો હતો.

કાર્યક્રમના સમાપમ વખતે કાન્તિભાઈ મિસ્ત્રીના હસ્તે શ્રી દિનકરભાઈ મહેતાને એક સુંદર પ્રસંશાપત્ર અર્પણ કરવામાં આવ્યું હતું...

(માહિતી;- ગુણવંતભાઈ પટેલ અને તસ્વિર;-કા ન્તિભાઈ મિસ્ત્રી,કેલિફોર્નિયા )

## કરોડોના હીરાની લૂંટનો માસ્ટરમાઈન્ડ સુરતથી ઝડપાયો

સુરત,તા.૨૪

ગુજરાતમાં કરોડોના હીરાની લૂંટ ચલાવનારા ઝડપાઈ ગયા છે. અમદાવાદ ગ્રામ્ય વિસ્તારના ગુંદી ગામ પાસે હાઈવે પર અમરેલીથી સુરત જતી રામદેવ ટ્રાવેલ્સની લકઝરી બસમાં લૂંટ ચલાવવામાં આવી હતી. લૂંટારુઓએ આંગડિયા પેઢીના કર્મચારી પાસેથી કરોડોના હીરા અને રોકડની લૂંટ કરી હતી. જેના કારણે વિસ્તારમાં ખળભળાટ મચી ગયો હતો. લૂંટના મુખ્ય સૂત્રધારને સુરત પોલીસે કાપોદ્રાથી ઝડપ્યો છે.

લૂંટનો માસ્ટરમાઈન્ડ અગાઉ ટ્રાવેલ્સની ઑફિસમાં હિસાબ-કિતાબનો ધંધો કરતો હતો. ટ્રાવેલ્સ દ્વારા આંગડિયા પેઢીના કરોડોના હીરા અને રોકડની સુરત ખાતે હેરાફેરી થતી હોવાની વાતથી આરોપી વાકેફ હતો. માટે તેણે લૂંટનુ પ્લાનિગં કર્યુ હતુ. ધંધામાં નુકશાન જતા દેવુ વધી જવાને કારણે તેણે હાઈવે પર લૂંટ કરાવી હતી તેમ પોલીસ તપાસમાં જાણવા મળ્યુ હતુ.

૧૯ ઓક્ટોબરના રોજ મોડી રાતે બે વાગ્યા આસપાસ અમદાવાદ ગ્રામ્ય કોઠા પોલીસ સ્ટેશનની હદમાં આવેલા બુંદી ગામ પાસેથી પસાર થતા હાઈવે પર લૂંટની ઘટના બની હતી. અમરેલીથી સુરત જતી રામદેવ ટ્રાવેલ્સની બસમાં લૂંટની ઘટના સામે આવી હતી.

બસની અંદર લૂંટ અને ધાડ પાડવાના ઈરાદાથી હથિયારો અને પેસેન્જરના સ્વાંગમાં મુસાફરી કરી રહેલા લૂંટારુઓએ બસમાં બઠેલા આંગડિયા પેઢીના કર્મચારીઓ પાસેથી બે કરોડથી વધુના હીરા અને પૈસા લૂંટીને ભાગી ગયા હતા..

## સંત પ્રમુખસ્વામિ મહારાજના શતાબ્દી વર્ષના ઉપલક્ષમાં આનંદનો રસ ચાખ

નાનજીભાઈ ખીમજીભાઈ ઠક્કર (થાણાવાળા) દ્વારા તા.૨૯/૧૦/૨૦૨૨ને શનિવારે સાંજે ૭ થી ૧૦ એન.કે. ટી.(સભાગૃહ)માં વર્ષા આર્ટ્સ પ્રસ્તુત અને ગુજરાતી વિકાસ મંડળ દીવા આયોજિત હાસ્ય કલાકાર નીતિન દેસાઈ દ્વારા પૂજ્ય સંત પ્રમુખસ્વામિ મહારાજના શતાબ્દી વર્ષ ના ઉપલક્ષમાં "આનંદ નો રસ ચાખ" કાર્યક્ર્મ દ્વારા સત્સંગ, હાસ્ય અને સાત્વિક આનંદનો ત્રિવેણી સંગમનું આયોજન થયું છે. આ આનંદની સફરમાં બાળ કલાકાર પલક શ્રોફ અને લહેર ઠક્કર બાળપણનો આનંદ કરાવશે, તેમ જ શ્રી હરિકૃષ્ણ શાસ્ત્રીજી "ખુશીની ખબર તો પુછો" વિષય પર યુવાનોને મોજ કરાવશે તેમ જ નાનજીભાઈ ખીમજીભાઈ ઠક્કર



દ્વારા ચલાવાતા "વ્યસનમુક્તિ અભિયાન"ને અનુરૂપ ગોપાલભાઈ સુથાર કાર્ય પર આધારિત ટૂંકી ટેલિફિલ્મ "વ્યસન ની માયાજાળ"નું ઉદઘાટન કરી થશે. અંતે નાનજીભાઈ આશીર્વચન આપીને પ્રોત્સાહિત કરશે. કાર્યક્રમમાં કલાકાર તન્મય વેકરીયા અને આશિતકુમાર મોદીની શુભકામનાઓ સાથે આપને પણ આ કાર્યકર્મમાં પધારવા માટે સૌને આમંત્રણ છે. અશોક સોલંકી (અધ્યક્ષ) અને ધર્મેશ ચુડાસમાએ કાર્યક્રમના આયોજનમાં મહત્ત્વનું યોગદાન આપ્યું છે. નિર્માણ મેનેજર મૈથિલી શ્રોફ છે.




*જીવન સંધ્યાઘરડાઘર અંકુર નારણપુરાનાં સાંનિધ્યનાં લાભાર્થે તથા દક્ષા અરવિંદ ભાઈ શ્રીમાળી -રતનોતર નાં સ્મણાથે તારીખ ૨૨/૧૦/૨૨/ નાં રોજ બપોરે ૩ થી ૭ માં "બ્રહ્માણી આર્ટ" ઈન્નટરનેશનલ આર્ટિસ્સટ- શ્રવણનોસાદ-માંત પિતાનો નાંદ"નાં અરવિંદ શ્રીમાળી ઑલ કલાકાર દ્વારા તથા સમાજનાં શુંભચિંતક નાં સહકાર દ્વારા અતિસુંદર :યજ્ઞરૂપી ફ્રી કાર્ય નું અતિસુંદર આયોજન થયેલ જેમા મહંત શ્રી ૧૦૮ સુખાનંદગીરી બાપુ બજરંગ આશ્રમ ચાંદખેડા -ગુરુ બ્રાહ્મણ સમાજનાં મહામંત્રી. સી. એન . જોષી.જી -ગુરૂ બ્રાહ્મણ સમાજનાં ચાંદખેડાનાં મહામંત્રી તથા યૌદ્ધા- અલપેશભાઈ પંડયા- ગુરુ સમાજ નાં અમદાવાદ ઘટકનાં અનમોલ શ્રીમાળી કાર્યકારી પ્રમુખ શ્રી- અમદાવાદ ઘટક. શ્રી મુળગામી ગુરૂ બ્રાહ્મણ સમાજ જ્ઞાતિનાં શ્રી મૂળગામી નાં પૂરવ પ્રમુખ શ્રી રમેશભાઈ પુરાણી-શ્રી મુળગામી નાં પૂંરવ સમાજ શુંભચિંતક રવિભાઈભાઈ દવે -છેડાલ પરગણાંના પ્રમુખ શ્રી માન. યોગેન્દ્રભાઈ પંડયા -શ્રી સુમનભાઈ પંડયા -શ્રી હસમુખભાઈ શ્રીમાળી એડવોકેટ- તથા પૂંરવ દશકોશી નાં આગેવાન -શ્રી મહેશભાઈ પુરાણી શ્રી મૂળગામી ગુરૂ બ્રાહ્મણ સમાજનાં સંગઠન મંત્રી -તથા પૂરવ કલેકટર ઓફીસ સિનિયર કલાકાર મહેશભાઈ પુરાણી- પૂરવ પી.એસ.આઈ. શબ્બીરશેખ -તથા કલાકાર મિત્રો શુંભેચ્ચછકો- શુંભ ચિંતકો નાં સહકાર દ્વારા વડીલોને મનોરંજન મળી રહે તે હેતુસર સતત ત્રીસ વર્ષથી ઘરડાઘરમાં તથા અન્ય ચેરીટી ફ્રી કાર્ય કરતા અરવિંદ શ્રીમાળી એ બર્થ ડે નું આયોજન કરેલ આ આયોજનમાં અમદાવાદ અતિથિ તરીકે સિવિલ હોસ્પિટલ નાં માન. શ્રી રાકેશભાઈ જોશી સુપ્રીટૈન્ડ શ્રી માન. શ્રી હષિતભાઈ શ્રીમાળી જી બેંક ઓફ બરોડાનાં પૂંરવ મેનેજર શ્રી અતિથિ તથા અતિથિ વિશેષમાં હતા. આ કાર્યમાં જય હિંદ ન્યુઝનાં માન. શ્રી નટવરભાઈ આમંત્રીતો- મહેમાનશ્રી ઓ નું સાલ ઓઢાડીને સ્વરાંકન દ્વારા બહુંમાન કરેલ. 'એ તથા વડીલોએ હર્ષોલ્લાસ દરેક ગીત પર ડાન્સ કરતા તેમનાં મોઢાપર પ્રસંન્નતા પ્રેરણાદાયી કાર્ય કરવાનો લહાવો મળેલ.તથા અરવિંદ શ્રીમાળીનું આ કાર્ય સદાય પ્રેરણાદાયી બની રહેશે. તેવા આશિષ આપેલ. તેવું જીવન સંધ્યા ઘરડા ઘર નાં ટ્રસ્ટી શ્રીમતિ ડિમ્પલ શાહે તથા "બ્રહ્માણી આર્ટ" નાં ઈન્નટરનેશનલ આર્ટિસ્ટ અરવિંદ શ્રીમાળી એ એક અખબારી યાદીમાં જણાવેલ જય હો ઑલ માં બાપ.*

## ૩૧મીએ વડાપ્રધાન ગુજરાતમાં:મલુપુરમાં ૪ ખાતમૂહૂર્ત, કેવડિયામાં એકતા દિવસની ઉજવણી

અમદાવાદ,તા.૨૪

ગુજરાત વિધાનસભાની ચૂંટણીનું કાઉન્ટડાઉન શરૂ થઈ ગયું છે. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ ૬ દિવસના ગુજરાત પ્રવાસે આવ્યાં છે.

આજે તેમનો ત્રીજો દિવસ છે. ત્યારે વડાપ્રધાન મોદી આગામી ૩૧મી ઓક્ટોબરે ગુજરાત પ્રવાસે આવી રહ્યાં છે. તેઓ ચૂંટણી પહેલાં ૩ કાર્યક્રમો કરશે. જેમાં મલુપુરમાં ૪ ખાતમૂહૂર્ત કરીને જંગી સભાને સંબોધશે તથા કેવડિયામાં સરદાર જયંતિએ એકતા દિવસની ઉજવણીમાં ભાગ લેશે.

ત્યાર બાદ તેઓ દેશના ભાજપના કાર્યકરોને દિલ્હીથી સંબોધશે. પછી જ ગુજરાતની ચૂંટણીની જાહેરાત થશે એવું માનવામાં આવી રહ્યું છે.

સરદાર જયંતીએ પરંપરા પ્રમાણે કેવડિયામાં એકતા દિવસ સવારે પરેડ સાથે ઊજવાશે. આ કાર્યક્રમમાં ગૃહમંત્રી પણ સામેલ થાય તેવી શક્યતા ખરી.

દર વર્ષની માફક કેવડિયામાં વડાપ્રધાન આઈએએસ પ્રોબેશનર્સને પણ સંબોધશે. કેવડિયાથી વડાપ્રધાન બપોરે અમદાવાદ એરપોર્ટ આવી ત્યાંથી બપોરના ત્રણ વાગે થરાદના મલુપુર ગામના હેલિપેડ ખાતે તેઓ જાહેરસભાને સંબોધશે. બનાસકાંઠામાં વડાપ્રધાનના હમણાં હમણાં બે કાર્યક્રમો યોજાયા છે, છેલ્લે ૩૦મી સપ્ટેમ્બરે તેઓ અંબાજી આવ્યા હતા.

આ વખતે તેઓ થરાદમાં ચાર યોજનાઓનું ખાતમુહૂર્ત અને ત્રણ યોજનાઓની માત્ર જાહેરાત કરશે.

ખાતમુહૂર્ત થનારી ચારે યોજના સિંચાઈને લગતી છે, જેમાં રૂ. ૧,૫૬૬ કરોડની કસરા-દાંતીવાડા નર્મદા પાઈપલાઈન યોજના, રૂ. ૧૯૧ કરોડની ડીંડરોલની મુકતેશ્વર ડેમ સુધીની નર્મદા પાઈપલાઈન યોજના, નર્મદા નિગમની રૂ. ૮૮ કરોડની ૩૨ કિમીની સૂઈગામ નર્મદા બ્રાન્ચ કેનાલ અને રૂ. ૧૩ કરોડની કાંકરેજ-દિયોદર-પાટણ માટે પાણી પુરવઠા બોર્ડની યોજના સામેલ છે. જ્યારે મોઢેરા-મોટી ધાઉ હયાત પાઈપલાઈન મુક્તેશ્વર ડેમ અને કર્માવત તળાવ સુધી લંબાવવાની રૂ. ૫૫૦ કરોડની યોજના, રૂ. ૧૪૫ કરોડના ખર્ચે બાલારામ નદી ઉપરના ડેમમાંથી પાણી લઈ મલાણી તળાવ સહિત ૧૩ તળાવો ભરવાની યોજના અને રૂ. ૧૨૬ કરોડની સાંતલપુરના ઊંચાઈ ઉપરના ૧૧ ગામોને પાઈપલાઈનથી પાણી આપવાની યોજનાની વડાપ્રધાન દ્વારા જાહેરાત કરાશે.

## માટીનો ચાકડો... જોશી પૂરા ગામે બાળકોને નિઃશુલ્ક મેરાઈયા કોડિયાં નું વિતરણ કરવામાં આવે છે



સામાન્ય રીતે આ માટીના કાચા કોડિયાં માં દીવો કરી ઘર. તથા ઢોરો ના તબેલામાં ફેરવી હનુમાનજી પાસે ગામના ગોંદરે આ કાચા કોડિયાં માં દીપ પ્રગટાવી. મૂકવાનો આજે પણ રિવાજ છે.




## દિવાળીએ જેલ બહાર લાગણીસભર દ્રશ્યો

રાજકોટ

રાજકોટ મધ્યસ્થ જેલની બહાર આજે દિવાળીના દિવસે લાગણીસભર દ્રશ્યો જોવાં મળ્યાં, કારણ એટલું જ કે સરકારે ૬૦ કેદી પરિવાર સાથે દિવાળી ઊજવી શકે તે માટે ૧૫ દિવસના પેરોલ જામીન પર રજા આપી છે. આજે એક બાદ એક કેદી જેલની બહાર નીકળી રહ્યા હતા ત્યારે તેડવા આવેલા કોઈનાં બાળકો તો કોઈની માતા ભેટી ભેટીને રડતાં નજરે પડ્યાં હતાં. માહોલ એવો સર્જાયો કે, આ દ્રશ્યો જોઈને ઉપસ્થિત સૌ કોઈ પોતાની આંખમાંથી આંસુ રોકી શક્યાં નહોતાં. એક માતા તો કેદી દીકરો જેવો બહાર આવ્યો ને સામે દોડી જઈ ભેટી પડી ધ્રુસકે ધ્રુસકે રડી પડી હતી.

તો બીજી તરફ એક કેદીએ કહ્યું કે, હું તો ૨૦ વર્ષથી જેલમાં છું પણ આજે બહાર નીકળતા મને ખુશીનો પાર નથી.

રાજકોટ મધ્યસ્થ જેલના કેદી શીતલ પ્રકાશભાઈ બારૈયાએ જણાવ્યું હતું કે, હું ૯ વર્ષથી જેલમાં છું, મારાં બાળકો ભેગાં રહેવા માટે અમને આટલી રજા આપી તે વાતની ખુશી છે. સરકારનો આભાર માનું છું કે, અમને પરિવાર સાથે આટલા દિવસ રહેવા દે છે. સરકારે દિવાળીએ અમારી સામે જોયું, મારાં સંતાનો સાથે દિવાળીનો તહેવાર ધામધૂમથી ઊજવીશું.

કેદી મુસ્તુફા ઘોઘારીએ જણાવ્યું હતું કે, હું છેલ્લાં ચાર વર્ષથી જેલવાસ ભોગવી રહ્યો છું, સરકારે અત્યારે દિવાળીના તહેવારો નિમિત્તે અમને ૧૫ દિવસના પેરોલ આપ્યા છે. સમયસર હાજર થવાની શરતે અમને આ જામીન આપ્યા છે. સુલેહ-શાંતિનો કોઈ પણ પ્રકારનો ભંગ ન કરવાની શરત રાખી છે. પરંતુ અમે બહુ ખુશ છીએ કે પરિવાર સાથે અમે દિવાળીનો તહેવાર ઊજવી શકીશું.

મુસ્તફા ઘોઘારીએ વધુમાં જણાવ્યું હતું કે, ફટાકડા ફોડી, સગાં-સંબંધીઓને મળીને, બાળકોને હરવાફરવા લઈ જઈ દિવાળીનો તહેવાર ઊજવીશું. ખુશીનો પાર નથી કે એના માટે કોઈ શબ્દો નથી. સરકારનો બે હાથ જોડીને ખૂબ ખૂબ આભાર વ્યક્ત કરીએ છીએ. સરકાર અમારા પ્રત્યે આવું જ ધ્યાન આપે અને વહેલામાં વહેલી તકે અમને જેલમાંથી મુક્ત કરી માફ કરે તેવી અમારી વિનંતી છે.

## ગુજરાત વિદ્યાપીઠમાં સ્વચ્છતા અભિયાન અને દીપ પ્રાગટ્ય દ્વારા દિપાવલી પર્વની શુભકામનાઓ પાઠવતા રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રત





દિપાવલીના પાવન પર્વે ગુજરાત વિદ્યાપીઠ ખાતે સૌને સ્વચ્છાગ્રહી બનવાની પ્રેરણા સાથે રાજ્યપાલશ્રીએ સર્વ કલ્યાણ ની મંગલ કામના વ્યક્ત કરી

ગુજરાતના રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતે દિપાવલીના પાવન પર્વે ગુજરાત વિદ્યાપીઠ પહોંચી, સ્વચ્છતા અભિયાન અને મંગલદીપ પ્રાગટ્ય કરી વૈદિક મંત્રોચ્ચાર દ્વારા સર્વ કલ્યાણ ની ભાવના વ્યક્ત કરી હતી અને સૌને દિપાવલી અને નૂતન વર્ષની શુભકામનાઓ પાઠવી હતી.

રાજ્યપાલશ્રીએ આ પ્રસંગે જણાવ્યું હતું કે મહાત્મા ગાંધીજી સ્વચ્છતાનાં આગ્રહી હતા. તેઓ હંમેશાં કહેતા કે સ્વચ્છતામાં પ્રભુતા નો વાસ હોય છે. આથી જ મહાત્મા ગાંધીજી દ્વારા સ્થાપિત અને તેઓ જે સંસ્થાના આજીવન કુલપતિ રહ્યા તે ગુજરાત વિદ્યાપીઠમાં સ્વચ્છતા અભિયાન સાથે સૌને દિપાવલી પર્વની શુભકામનાઓ પાઠવીને તેમણે પ્રસન્નતા વ્યક્ત કરી હતી. રાજ્યપાલશ્રી અને લેડી ગવર્નર શ્રીમતી દર્શના દેવીએ ગુજરાત વિદ્યાપીઠ ખાતે દિપાવલીના પાવન પર્વે વૈદિક મંત્રોચ્ચાર સાથે દીપ પ્રાગટ્ય કરી સર્વ કલ્યાણની મંગલ શુભકામનાઓ પાઠવી હતી.

આ પ્રસંગે ગુજરાત વિદ્યાપીઠ દ્વારા ગ્રામોદય ક્ષેત્રે થઈ રહેલા કાર્યો અંગે વિદ્યાપીઠના કુલ નાયક ડો. રાજેન્દ્ર ખીમાણી સાથે રાજ્યપાલશ્રી એ વિચાર વિમર્શ કર્યો હતો. ખાસ કરીને પ્રાકૃતિક કૃષિ અને ખેડૂતોના વિકાસ માટે થઈ રહેલા કાર્યોની માહિતી મેળવી હતી. ગુજરાત વિદ્યાપીઠ સંચાલિત વિવિધ કેન્દ્રોમાં થઈ રહેલા ગૌપાલન, દેશી બીજના સંરક્ષણ, જળ સંચય અને શિક્ષણ કાર્યોની પણ તેમણે માહિતી મેળવી હતી. આ પ્રસંગે કાર્યકારી કુલ સચિવ શ્રી નિખિલ ભટ્ટ અને ટ્રસ્ટીઓ તેમજ પરિવારજનો ઉપસ્થિત રહ્યા હતા રાજ્યપાલશ્રીએ સૌને દિપાવલી અને નૂતન વર્ષની શુભકામનાઓ પાઠવી હતી.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.